Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदय द्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૪. ભાદ્રપદ. આત્મ સં. ૩૩ અંક ૨ જો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

| | | |
|---|---|---|
| ૧ | વાર્ષિક મારી. ... | ૩૩ |
| ૨ | સુખ અને શાંતિ માટે પરમાત્માનું સ્મરણ કરો.... | ૩૪ |
| ૩ | ઉપદેશ શતક ( આભાણુશતક ) ... | ૩૬ |
| ૪ | અર્ધદગ્ધ કેળવણીના અનિષ્ટ પરિણામ ... | ૩૯ |
| ૫ | શ્રી તીર્થંકર ચરિત્ર ... | ૪૦ |
| ૬ | એક ઉપયોગી પત્ર ... | ૪૩ |
| ૭ | ગ્રંથ વાચન અને વિદ્યા વ્યાસંગ. ... | ૪૭ |
| ૮ | સ્ત્રી વિભાગ—આપણી સ્ત્રી કેળવણી. ... | ૫૦ |
| ૯ | વર્તમાન સમાચાર, ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર. ... | ૫૩ |

મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ–ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્ય પરિચય માટે એક અમૂલ્ય સુચના.

જૈન સમાજમાં થોડા ઘણા અંશે વાંચનનો શોખ વધ્યો છે, તેવા સંયોગમાં અને તે વિશેષ વધે તે માટે કાંઇ પુસ્તક પરિચય આપવાથી વિશેષ લાભ થવા સંભવ છે, એમ જાણી દિવસાનુદિવસ જૈનધર્મના પ્રકટ થતાં નવા પુસ્તકો તે કયા કયા છે? શા વિષય ઉપર છે? લખનાર? પ્રકટ કરનાર કોણ છે? કઇ ભાષામાં પ્રગટ થયેલ છે? કિંમત, મળવાનું સ્થળ વગેરે માહિતી, વાંચનના અભિલાષિઓને અને જ્ઞાનભંડાર અને પુસ્તકાલયના સંચાલકોને મળે તેટલા માટે દર ત્રણમાસે કે જરૂરીયાત પ્રમાણે આ માસિકમાં ઉપરોકત હકીકત સાથે વારંવાર પ્રકટ કરવાની યોજના કરવા ધારી છે, તેથી જેમ આ માસિકમાં સમાલોચના (અભિપ્રાયાર્થે) દરેક ગ્રંથ પ્રકટ કરનાર સંસ્થા અને કેટલાક જૈનબંધુ તેઓના તે તે ગ્રંથો તે માટે મોકલે છે, તેમ જૈન સમાજમાં પ્રકટ થતાં તમામ ગ્રંથો તેના પ્રકટ કર્ત્તા તરફથી માહિતી સાથે અગોને મળે જાય તોજ આ માહેતી પત્રક અમો બનતા પ્રયત્ને આપી શકીયે, જેથી આ કાર્યમાં જૈનધર્મના પ્રકટ થતાં પુસ્તકોના લેખકો, પ્રકાશકો, સંપાદકો, અનુવાદકો વગેરે અમોને ઉપર પ્રમાણે આ ખબર આપવામાં મદદ કરશે તો તે સાભાર સ્વીકારવા સાથે આવતા કારતક માસથી આ જાતનું પુસ્તક માહેતી વર્ણન આપવામાં આવશે, જેથી જૈન સમાજમાં કેવું, કેટલું, કઇ જાતનું સાહિત્ય પ્રકટ થાય છે તે જાણી શકાય.

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી વિરચિત—

## ऐन्द्र स्तुति चतुर्विंशतिका.

### ( स्वोपज्ञ विवरणयुता )

### સંપાદક મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથમાં ચોવીશ જિનેશ્વરોની સ્તુતિઓ વિવરણ સહિત સંસ્કૃત ભાષામાં શ્રીમાન યશોવિજયજી મહારાજ કૃત આવેલ છે. કાવ્યો સુંદર અને ટીકા શાસ્ત્રીય ગંભીર વિચારોથી ભરપૂર છે. અભ્યાસીઓને પઠનપાઠન કરવા યોગ્ય આ કાવ્ય અને વિવરણ શુદ્ધ કરવા તેમજ અસલપ્રતમાં તુટી ગયેલા પાઠોને ઉપાધ્યાયજીના શબ્દોમાંજ સાંધવા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સ્તુતિપાત્ર પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથમાં આ ચોવીસી સાથે પરમજ્યોતિ પચ્ચીશી, પરમાત્મ પચ્ચીશી, વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય અને શ્રી શત્રુંજય મંડન શ્રી રૂષભદેવ સ્તવન (સંસ્કૃતમાં) વગેરે કાવ્યો પ્રકટ કરી સંસ્કૃત સાહિત્યની અભિવૃદ્ધિ કરી છે. સાધુસાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડારોને ખાસ ઉપયોગ માટે આર્થિક સહાય આપનાર બંધુની ઇચ્છાને માન આપી તેમણે આપેલી રકમ બાદ કરી વધારાના ખર્ચ પુરતી માત્ર કિંમત ચાર આના પોસ્ટેજ ખર્ચ બે આના સાથે માત્ર નામની કિંમત છઆના રાખેલી છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર સુંદર વિવિધ શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છાપી ઉંચી જાતના કપડાનું પાકું બાઇંડીંગ કરાવેલ છે.

લખો:—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈન આત્માનંદ સભા—ભાવનગર તરફથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથોનું

( સંસ્કૃત-માગધી, મૂળ ટીકાના તથા ગુજરાતી ભાષાના ભાષાંતરના તથા જૈન ઐતિહાસિક વગેરે ગ્રંથોનું )

# સૂચીપત્ર.



વીર સંવત ૨૪૫૩ | આત્મ સંવત ૩૨ | વિક્રમ સંવત ૧૯૮૩

---

**સૂચના**—સિવાય અમારે ત્યાં જૈનધર્મનાં તમામ ગ્રંથો, જેવા કે–શાહ ભીમશી માણેક–મુંબઇ, શાહ મેઘજી હીરજી–મુંબઇ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર, શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ–મુંબઇ, શાહ હીરાલાલ હંસરાજ–જામનગર, સલાત અમૃતલાલ અમરચંદ–પાલીતાણા, શ્રી જૈન સસ્તી વાંચનમાળા–ભાવનગર, વિગેરે પુસ્તકો પ્રકટકર્તાના તમામ પુસ્તકો, તેમજ અન્યના પુસ્તકો, નકશાઓ, અને મુનિરાજ તથા તીર્થોના તેમજ શ્રી તીર્થંકર ભગવાન તથા શ્રીગૌતમસ્વામીના ફોટોગ્રાફ ( છબીયો ) અમારે ત્યાંથી મળશે. નફો જ્ઞાનખાતામાં જાય છે, જેથી મંગાવનારને તે પણ લાભ થાય છે.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**

આનંદ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભા તરફથી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો.

( સંસ્કૃત, માગધી અને મૂળ ટીકાના ગ્રંથો. )

નંબર.

+ ૧ સમવસરણ સ્તવઃ અવચૂરિ... ૦-૧-૦
+ ૨ ક્ષુલ્લકભવાવલી ... ... ... ૦-૧-૦
+ ૩ લોકનાલિકા દ્વાત્રિંશિકા. ... ૦-૨-૦
+ ૪ યોનિસ્તવઃ ... ... ... ૦-૧-૦
+ ૫ કાલસપ્તતિકા. ... ... ... ૦-૧-૬
+ ૬ દેહસ્થિતિ. ... ... ... ૦-૧-૦
+ ૭ સિદ્ધદંડિકા. ... ... ... ૦-૧-૦
+ ૮ કાય સ્થિતિ. ... ... ... ૦-૨-૦
+ ૯ ભાવ પ્રકરણ.... ... ... ૦-૨-૦
+૧૦ નવતત્ત્વ ભાષ્ય. ... ... ૦-૧૨-૦
+૧૧ વિચારપંચાશિકા ... ... ૦-૨-૦
+૧૨ બંધષટ્ ત્રિંશિકા. ... ... ૦-૨-૦
+૧૩ પરમાણું પુદ્દગલ, નિગોદ ષટ્ત્રિંશિકા ... ... ... ૦-૩-૦
+૧૪ શ્રાવકવ્રત ભંગ પ્રકરણ. ... ૦-૨-૦
+૧૫ દેવવંદન ભાષ્ય. ... ... ૦-૫-૦
૧૬ સિદ્ધપંચાશિકા. ... ... ૦-૨-૦
૧૭ અન્નાયઉંચ્છકુલકમ્ ... ... ૦-૨-૦
૧૮ વિચાર સપ્તતિકા. ... ... ૦-૩-૦
૧૯ અલ્પબહુત્વ શ્રી મહાવીર સ્તવ. ૦-૨-૦
+૨૦ પંચસૂત્રમ. ... ... ... ૦-૬-૦
+૨૧ શ્રી જંબુચરિત્ર. ... ... ૦-૪-૦
+૨૨ રત્નપાળનૃપકથા. ... ... ૦-૫-૦
૨૩ સુક્ત રત્નાવલી. ... ... ૦-૪-૦
૨૪ મેઘદૂત. ... ... ... ૦-૪-૦
૨૫ ચેતોદૂત ... ... ... ૦-૪-૦
+૨૬ પર્યુષણાષ્ટાન્હિક વ્યાખ્યાન. ... ૦-૬-૦
+૨૭ ચંપકમાલા કથા. ... ... ૦-૬-૦
+૨૮ સમ્યકત્વકૌમુદિ. ... ... ૦-૧૨-૦
+૨૯ શ્રાદ્ધગુણવિવરણ. ... ... ૧-૦-૦
+૩૦ ધર્મરત્ન પ્રકરણ. ... ... ૦-૧૨-૦
+૩૧ શ્રી કલ્પસૂત્રસુબોધિકા... ... ૦-૦-૦
+૩૨ શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર. ... ... ૫-૦-૦
+૩૩ ઉપદેશ સપ્તતિકા. ... ... ૦-૧૩-૦
+૩૪ કુમારપાળ પ્રબંધ. ... ... ૧-૦-૦
+૩૫ આચારોપદેશ.... ... ... ૦-૩-૦
૩૬ રોહિણી અશોકચંદ્ર કથા. ... ૦-૨-૦
+૩૭ ગુરૂગુણષટ્ત્રિંશિકા. ... ... ૦-૧૦-૦
+૩૮ જ્ઞાનસાર અષ્ટક મૂળ તથા ટીકા. ૧-૪-૦
+૩૯ સમયસાર. ... ... ... ૦-૧૦-૦
+૪૦ સુકૃતસાગર. ... ... ... ૦-૧૨-૦
+૪૧ ધમ્મિલકથા. ... ... ... ૦-૨-૦
૪૨ પ્રતિમાશતક. ... ... ... ૦-૮-૦
૪૩ ધન્ય કથા. ... ... ... ૦-૨-૦
૪૪ ચતુર્વિંશતિજિન સ્તુતિ સંગ્રહ. ૦-૬-૦
૪૫ રોહણેય ચરિત્ર. ... ... ૦-૨-૦
+૪૬ શ્રી ક્ષેત્રસમાસ... ... ... ૧-૦-૦
+૪૭ બૃહત્ સંઘયણી. ... ... ૨-૮-૦
+૪૮ શ્રાદ્ધવિધિ. ... ... ... ૨-૮-૦
+૪૯ ષટ્દર્શન સમુચ્ચય મૂળ ટીકા... ૩-૦-૦
+૫૦ પંચસંગ્રહ. ... ... ... ૩-૮-૦
૫૧ સુકૃત સંકિર્તન મહાકાવ્યમ્ ... ૦-૮-૦
+૫૨ પ્રાચીન ચાર કર્મગ્રંથ સટીક. ૨-૮-૦
+૫૩ સંબોધસિત્તરી... ... ... ૦-૧૦-૦
+૫૪ કુવલયમાળા. ... ... ... ૧-૮-૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



+૫૫ સામાચારી પ્રકરણ ... ... ૦—૮—૦
૫૬ કરૂણાવજ્રાયુદ્ધ નાટક. ... ૦—૪—૦
+૫૭ કુમારપાળ મહાકાવ્યમ્. ... ૦—૮—૦
+૫૮ શ્રી મહાવીર ચરિત્ર ... ... ૧—૦—૦
૫૯ કૌમુદિ મિત્રાણંદ નાટકમ્ ... ૦—૬—૦
૬૦ પ્રબુદ્ધ રોહિણેયમ્ ... ... ૦—૫—૦
૬૧ ધર્માભ્યુદયમ્... ... ... ૦—૪—૦
+૬૨ પંચનિર્ગ્રન્થી પ્રજ્ઞાપના તૃતીય પાદ સંગ્રહણી પ્રકરણ ... ૦—૬—૦
૬૩ રયણસેહરી કથા. ... ... ૦—૬—૦
૬૫ સિદ્ધ પ્રાભૃત સટીકમ્... ... ૦-૧૦-૦
+૬૫ દાનપ્રદીપ. ... ... ... ૨—૦—૦
૬૬ બંધ હેતૂદયત્રિભંગી પ્રકરણ... ૦-૧૦-૦
૬૭ ધર્મપરિક્ષા. ... ... ... ૧—૦—૦
૬૮ સપ્તતિસત્ સ્થાન પ્રકરણ. ... ૧—૦—૦
૬૯ ચૈત્યવંદન મહાભાષ્ય. ... ૧-૧૨-૦
૭૦ પ્રશ્ન પદ્ધતિ ... ... ... ૦—૨—૦
૭૧ શ્રી કલ્પસૂત્ર કિરણાવલી. ...
૭૨ યોગદર્શન ( હિંદી ) ... ... ૧—૮—૦
૭૩ મંડલ-પ્રકરણ ... ... ૦—૪—૦
૭૪ દેવેંન્દ્ર નરકેંન્દ્ર પ્રકરણ ... ૦-૧૨-૦
૭૫ સુમુખ નૃપાદિ કથા... ... ૦-૧૧-૦
૭૬ જૈન મેઘદૂત ... ... ... ૨—૦—૦
૭૭ શ્રાવક ધર્મ વિધિ ... ... ૦—૮—૦
૭૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય. ... ... ૩—૦—૦
વસુદેવ હીંડિ છપાય છે.

( વગર નંબરના. )

૧ સુસઢ ચરિત્ર. ... ... ... ૦—૨—૦
૨ શ્રી અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦—૬—૦
૩ નળ દમયંતી મૂળ. ... ... ભેટ.
× ૪ મેરૂ ત્રયોદશી કથા ... ... ૦—૪—૦
× ૫ સુદર્શના ચરિત્ર (પ્રથમ ભાગ) ૦—૬—૦
× ૬ જલ્પમંજરી... ... ... ૦—૨—૦
× ૭ જૈન વૃત્ત ક્રિયા વિધિ.. ... ભેટ.
× ૮ સાધુઆવસ્યક ક્રિયાના સૂત્રો. ભેટ.

## પ્ર૦ શ્રી કાં૦ જૈન ઐતિહાસિક ગ્રંથ.

+ ૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી. ... ... ૧—૦—૦
+ ૨ કૃપારસકોષ ... ... ૧—૦—૦
+ ૩ શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ૦-૧૦-૦
+ ૪ પ્રાચીન જૈન લેખ... ... સંગ્રહ પ્રથમ ભાગ ... ૧—૦—૦
૫ દ્રૌપદી સ્વયંવર નાટક ... ૦—૪—૦
૬ પ્રાચીન લેખ સંગ્રહ ભા. ૨ જો. ૩—૮—૦
૭ જૈન ઐતિહાસિક ગુર્જર ... કાવ્ય સંચય. ... ... ૨-૧૨-૦

## અન્ય ગ્રંથો.

૧ તત્ત્વ નિર્ણય પ્રાસાદ. ... ૧૦—૦—૦
૨ સિદ્ધાંત મુક્તાવલી. ... ૦—૪—૦
૩ જૈન ભાનુ. ... ... ૦—૮—૦
૪ વિશેષ નિર્ણય. ... ... ૦—૪—૦
૫ વિમલ વિનોદ. ... ... ૦-૧૦-૦
૬ સજ્જન સન્મીત્ર.... ... ૪—૦—૦
૭ અભયકુમાર ચરિત્ર ભાગ ૧ લો. ૨—૪—૦
૮ અભયકુમાર ચરિત્ર ભાગ ૨ જો. ૩—૦—૦
૯ શ્રી ગૌતમ સ્વામીની છબી રંગીન. ૦-૧૦-૦
૧૦ શ્રી મહાવીર સ્વામીની છબી રંગીન. ૦—૮—૦
૧૧ સત્તર ભેદી પૂજા ( હારમોનીયમ નોટેશન-સારીગમ સાથે. ) ... ૦—૪—૦
૧૨ ચૌદ રાજલોક પૂજા. ... ૦—૧—૦
૧૩ સમ્યક દર્શન પૂજા... ... ૦—૧—૦
૧૪ શ્રી નયોપદેશ સંસ્કૃત. ... ૧—૦—૦
૧૫ શ્રી ગાંગેય ભંગ પ્રકરણ સંસ્કૃત. ૦—૪—૦
૧૬ શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ... ૧—૮—૦
૧૭ સઝાય માળા ભાગ ૧ થી ૪ દરેકના... ... ... ... ૨—૦—૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુજરાતી ભાષાના—ભાષાંતર વગેરેના ગ્રંથો.

૧ જૈન તત્ત્વાદર્શ. ... ... ૫—૦—૦
+ ૨ અજ્ઞાનતિમિરભાસ્કર. ... ૨—૮—૦
૩ ધર્મબિન્દુગ્રંથ. બીજી આવૃત્તિ. ૨—૦—૦
૪ આત્મપ્રબોધગ્રંથ. ... ... ૨—૮—૦
+ ૫ ધ્યાનવિચાર ... ... ૦—૩—૦
૬ શ્રી પ્રકરણ સંગ્રહ. ... ... ૦—૪—૦
૭ શ્રાવક કલ્પતરૂ. ... ... ૦—૬—૦
+ ૮ આત્મોન્નતિ. ... ... ૦-૧૦-૦
+ ૯ પ્રકરણપુષ્પમાળા. ... ... ૦—૬—૦
૧૦ વિવિધ પૂજા સંગ્રહ. ... ... ૧—૮—૦
૧૧ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. ૦—૮—૦
૧૨ કુમારવિહારશતક. ... ... ૧—૮—૦
+૧૩ દેવસીરાઇ પ્રતિક્રમણ. ... ૦—૩—૦
૧૪ હંસવિનોદ. ... ... ... ૦-૧૨-૦
૧૫ પ્રશ્નોત્તર પુષ્પમાળા. ... ૦-૧૪-૦
૧૬ નવતત્ત્વનો સુંદરબોધ. ... ૦-૧૦-૦
૧૭ આત્મવલ્લભ સ્તવનાવળી. ... ૦—૬—૦
૧૮ જીવવિચારવૃત્તિ. ... ... ૦—૬—૦
૧૯ દંડક વિચારવૃત્તિ. ... ... ૦—૮—૦
૨૦ નયમાર્ગદર્શક. ... ... ૦-૧૨-૦
૨૧ જૈન તત્ત્વસાર મૂળ તથા ...
ભાષાંતર. ... ... ... ૦—૬—૦
+૨૨ સદર ભાષાંતર. ... ... ૦—૨—૦
૨૩ મોક્ષપદ સોપાન. ... ... ૦-૧૨-૦
૨૪ શ્રીજંબુસ્વામી ચરિત્ર. ... ૦—૮—૦
૨૫ નવાણુ પ્રકારી પૂજા અર્થ સાથે. ૦—૮—૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ. ... ... ૧—૦—૦
૨૭ તપોરત્નમહોદધિ ( તપાવલી )
ભાગ ૧, ૨ જો. ... ... ૧—૦—૦
૨૮ વિવિધપૂજાસંગ્રહ નવી આવૃત્તિ. ૧—૮—૦
૨૯ શ્રી સમ્યકત્વ સ્વરૂપ સ્તવ. ... ૦—૪—૦
+૩૦ શ્રીશ્રાદ્ધગુણ વિવરણ. ... ૨—૦—૦
૩૧ ચંપકમાલા કથા. ... ... ૦—૮—૦
+૩૨ કુમારપાળચરિત્ર. ... ... ૦—૬—૦
૩૩ સમ્યકત્વ કૌમુદિ. ... ... ૧—૦—૦
૩૪ પ્રકરણપુષ્પમાલા. ( ૨ ) ... ૦—૮—૦
+૩૫ અનુયોગ દ્વારસૂત્ર. ... ... ૦—૫—૦
૩૬ અધ્યાત્મ મત પરિક્ષા. ... ૦—૪—૦
૩૭ ગુરૂગુણ છત્રીશિ. ... ... ૦—૬—૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવળી. ૦—૫—૦
૩૯ આત્મકાંતિ પ્રકાશ. ... ... ૦—૮—૦
૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ. ... ... ૦—૮—૦
+૪૧ દેવભક્તિમાળા પ્રકરણ. ... ૧—૦—૦
૪૨ ઉપદેશ સપ્તતિકા. ... ... ૧—૦—૦
૪૩ સંબોધ સપ્તતિકા. ... ... ૧—૦—૦
૪૪ પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા. ૧—૮—૦
૪૫ શ્રી નેમનાથ ચરિત્ર. ... ... ૨—૦—૦
૪૬ સુમુખ નૃપાદિ કથા. ... ... ૧—૦—૦
૪૭ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. ૨—૦—૦
૪૮ આદર્શ જૈન સ્ત્રીરત્નો. ... ૧—૦—૦
૪૯ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો. ૨—૮—૦
૫૦ દાન પ્રદીપ. ... ... ... ૩—૦—૦
૫૧ શ્રીનવપદજી પૂજા અર્થ સહિત. ૧—૪—૦
૫૨ કાવ્ય સુધાકર... ... ... ૨—૮—૦
૫૩ આચારોપદેશ.... ... ... ૦—૮—૦
૫૪ ધર્મ રત્ન પ્રકરણ. ... ... ૧—૦—૦
૫૫ પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત. ૧-૧૨-૦
૫૬ આત્મવિશુદ્ધિ ... ... ... ૦—૬—૦
૫૭ શ્રી કુમારપાળ પ્રતિબોધ. ... ૩-૧૨-૦
શ્રીવિમલનાથ ચરિત્ર છપાય છે.
શ્રીપ્રભાવક ચરિત્ર. ,,

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

+ આ નિશાનીવાળા પુસ્તકો શીલકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः ।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५४. भाद्रपद. आत्म संवत् ३३. } अंक २ जो.

## वार्षिक–माफी.

પર્વાધિરાજ ગણાય છે "પર્યૂષણા" સહુ પર્વમાં,
આરાધના **ઉત્સવ** વડે કરવી કહી જિન ધર્મમાં;
તપ-જપ અને વ્રત નિયમ પૂજા દેવ–ગુરૂની નેહથી,
અમારી ઘોષણ-સ્વામિભક્તિ–શ્રવણ શાસ્ત્ર વિવેકથી. ૧
ચૈત્ય પરીપાટી અને **પ્રાતક્રમણ** પ્રાયશ્ચિત મેળવી,
આલોયણા ગુરૂ પાસ કરવી હૃદય કોમલ કેળવી;
પર્યૂષણાનું ધ્યેય સુંદર જૈની જગમાં દાખવે,
દુષ્કર્મની "માફી" પરસ્પર માંગવી એમ સૂચવે. ૨
તે કારણે ગત વર્ષમાં અપરાધ કીધાં એહની,
**માફી** સમર્પો ભ્રાત! માંગુ ત્રિવિધયોગે તેહની;
માફી પછી કર **મિત્રતા** નિ:સ્વાર્થ સેવા ભાવથી,
સૂચન શ્રી **આત્માનન્દનું** સાફલ્ય કર રુસાધ્યથી. ૩

વિક્રમાબ્દ. ૧૯૮૪ }
વાર્ષિક પર્યૂષણા. }

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુખ અને શાંતિ માટે પરમાત્માનું સ્મરણ કરો.

( લે૦ આચાર્યશ્રી વિજયકેસરસૂરિ મહારાજ. )

એક રાજા અને એક રાંક, એક સુખી અને એક દુઃખી, એક રોગી અને નિરોગી આવી વિવિધતાઓ વિશ્વમાં આપણી નજરે પડે છે. તેનું ખરૂં કારણ પુન્ય અને પાપ છે, પુન્યથી જીવો સુખી થાય છે, પાપથી જીવો દુઃખી થાય છે.

વિશ્વમાં કાર્ય કારણના નિયમો અચળ છે. કારણ વિના કાર્ય થતું નથી, ચાલુ સુખ દુઃખનાં કાર્યો તેના કારણની અપેક્ષા રાખે છે. કારણ પહેલું અને કાર્ય પછી આ નિયમાનુસાર અત્યારની મનુષ્યની સ્થિતિ પૂર્વના કારણાનુસારે બનેલી છે.

ધનાદિ અનુકૂળ સાધનોની પ્રાપ્તિમાં પુરૂષાર્થની સાથે પુન્ય પ્રકૃતિ હોય તોજ મનુષ્યો સફળતા પામે છે. પરમાર્થ અને પરોપકારનાં કાર્યોથી જીવો પુન્ય ઉપાર્જન કરે છે, મન, વચન, શરીર અને ધનાદિનો સદુપયોગ કરવાથી પુન્ય બંધાય છે. અને તેથી જીવો સુખી થાય છે. પરમાત્માનું સ્મરણ કરવાથી આત્મા નિર્મળ થાય છે. અને વિશેષ પ્રકારે પુન્ય બંધાય છે. ઉત્તરોત્તર જીવ આગળ વધે છે.

આ પરમાત્માના નામનું સ્મરણ ગરીબ અને ધનાઢ્ય, બાળ, જુવાન અને વૃદ્ધ, સુખી અને દુઃખી દરેક જીવો કરી શકે છે. જેને વખત ઓછો મળતો હોય તેવાઓ હાલતાં ચાલતાં સુતાં બેસતાં અને કામ કાજ કરતાં પણ પ્રભુ સ્મરણ કરી શકે છે. વસ્ત્ર કે શરીરની શુદ્ધિ ન હોય તો પણ હોઠ ન ચાલે તેમ મનમાં જાપ કરવામાં વાંધો નથી. ચાલવાનું કામ પગનું છે તે વખતે પણ મનને જાપના કામમાં જોડવામાં આવે તો જાપ થઇ શકે છે. રેલવેમાં કે વાહનમાં મુસાફરી કરતા હો ત્યારે પણ તમે ત્યાં બેઠા બેઠા જાપ મનમાં કરી શકો છો. પથારીમાં સુતાં સુતાં પણ નિંદ્રા ન આવે ત્યાં સુધી જાપ કરી શકાય છે. અને તે જાપ કરતાં નિંદ્રા આવી જાય તો સ્વપ્ન પણ સારાં આવે છે. મતલબ કે ગમે તે વખતે અને ગમે તે સ્થાને રહીને જાપ કરવામાં વાંધો નથી.

મનુષ્યોનું આયુષ્ય તો ગમે તે પ્રકારે પુરૂં થવાનું છે. પણ પોતાના જીવનમાં એકાદ મહત્વનું કાર્ય કર્યું હોય તો ભાવી જીંદગી સુખી બને છે. વ્યવહારનાં કોઇ પણ કાર્ય કરતાં પરમાત્માનું નામ ન ભૂલાય.

કાર્ય પુરૂં થાય કે તરત પ્રભુનું નામ યાદ આવે, સ્વપ્ન દશામાં પણ પર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્માનું સ્મરણ ચાલુ રહે, આટલી સ્થિતિ મનુષ્યો આ જીવનમાં પ્રાપ્ત કરે તો તેણે મનુષ્ય જીવનમાં આવીને સારી કમાણી કરી ગણાય અને તેનો જન્મ સફળ થયો કહેવાય.

જાપ અનેક પ્રકારના છે પણ જે જાપ કરવામાં પોતાનું સાધ્ય સ્મરણમાં રહે અને રોમેરોમમાં પોતાનું લક્ષ પરિણમી રહે તે જાપ ઉત્તમ છે. આવો જાપ **ॐ अर्हं नमः** આ પાંચ અક્ષરનો છે. આનો અર્થ આ પ્રમાણે છે. **ओं**કારમાં પંચ પરમેષ્ટિનો સમાવેશ થાય છે. પંચ પરમેષ્ટિ એ આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિની પાંચ ભૂમિકા છે તે દરેકનો પ્રથમ અક્ષર લઇને ॐ કાર બનેલો છે. અરિહંત, અશરીરિ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ આ પાંચ ભૂમિકા છે.

આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ તે અશરીરિ સિદ્ધ પરમાત્મા છે, તેને દેહાતીત પૂર્ણ બ્રહ્મ બ્રહ્મસ્વરૂપ, સિદ્ધ, અજર, અમર, અવિનાશી ઇત્યાદિ અનેક નામોથી બોલાવાય છે આની અંદર નિર્વાણ પામેલા—મોક્ષે ગયેલા દરેક આત્માનો સમાવેશ થાય છે. અરિહંત એ દેહમાં રહેલ પૂર્ણ સ્વરૂપ પરમાત્માનું નામ છે અને દેહનો ત્યાગ કરતાં સિદ્ધ પરમાત્મા ગણાય છે. આની અંદર દરેક પૂર્ણ જ્ઞાની, કેવળજ્ઞાની તીર્થંકર આદિનો સમાવેશ થાય છે.

આચાર્યની અંદર પ્રભુ માર્ગના રક્ષક, પોષક, સંદેશવાહક, સત્ય વસ્તુના પ્રતિપાદક, સમુદાયના માલિક અને પૂર્ણતા મેળવવા પ્રયત્ન કરનારનો સમાવેશ થાય છે.

ઉપાધ્યાયની અંદર મૂળ વસ્તુ તત્વના પ્રતિપાદક અનેક જીવોને જાગૃતિ આપનાર ઉચ્ચ કોટિના સાધકોનો સમાવેશ થાય છે.

મુનિઓની અંદર જેઓને બોધિબીજની પ્રાપ્તિ થઇ છે, તે પછીના સર્વસ્વ ત્યાગી; વૈરાગી, સ્વસ્વરૂપમાં રમણતા કરનારા સ્વપર ઉપકારી સર્વ સાધુ વર્ગનો સમાવેશ થાય છે.

આ સર્વના પ્રથમ અક્ષર **अ. अ आ उ. उ म** થી **ओं** કાર બનેલો છે વ્યાકરણના નિયમ પ્રમાણે પાંચે મળી ॐ થાય છે.

**अर्हं** શબ્દ એ પરમાત્માનું નામ છે. અર્હ એટલે લાયક. વિશ્વમાં જે લાયકમાં લાયક તત્વ છે. તે અર્હ છે. જેની આગળ વિશેષ લાયકાત ન હોય તેને સૂચવનારો શબ્દ **अर्हं** છે તેમજ **अर्हं** શબ્દ એ સિદ્ધ ચક્રનો બીજમંત્ર છે. સિદ્ધ પુરૂષોનો સમુદાય તે સિદ્ધ ચક્ર છે. જેમાં વિશ્વના તત્ત્વરૂપ દેવ, ગુરૂ, અને ધર્મ એ ત્રણ તત્વનો સમાવેશ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરિહંત અને સિદ્ધ એ બેની અંદર દેવનો સમાવેશ થાય છે. આચાર્ય ઉપાધ્યાય અને મુનિ એનો ગુરૂમાં સમાવેશ થાય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચારનો ધર્મમાં સમાવેશ થાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાના સાધનો તે ધર્મ છે. આત્માદિ વસ્તુનું જ્ઞાન તે જ્ઞાન છે. તેની દ્રઢ શ્રદ્ધા તે દર્શન છે. જ્ઞાન અને શ્રદ્ધા પ્રમાણે વર્તન કરવું તે ચારિત્ર છે. સર્વ ઇચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે. આ ચારને ધર્મ કહેવામાં આવે છે. ઉપરનાં પાંચ પરમેષ્ટિ સાથે મેળવતાં નવ થાય છે. એ નવના સમુદાયને સિદ્ધચક્ર કહે છે. તે નવનો વાચક શબ્દ **अर्हं** છે. અર્હં શબ્દ બીજરૂપ હોવાથી તેમાં સિદ્ધચક્રનો સમાવેશ થાય છે. આ દેવ, ગુરૂ, અને ધર્મ એ આત્માની ચડતી ભૂમિકાઓનું લક્ષ રાખી આત્માનો શબ્દ રૂપે જાપ કરવા બરોબર છે. તે **ॐ अर्हं नमः** આ જાપ છે, આ મંત્રના કરોડો જાપ કરવા જોઇએ. જાપ કરવાથી હલકા વિચારો આપણી આગળ આવતા નથી. મન બીજે ભટકી પાપ બાંધતું બંધ થાય છે, જાપથી આપણી તરફ પવિત્ર પરમાણુંઓ ખેંચાઇ આવે છે. આપણી આજુબાજુનું વાતાવરણ પવિત્ર થાય છે. મન, શરીરાદિના પરમાણુંઓ પવિત્ર બને છે. સંકલ્પો સિદ્ધ થાય છે. પાપ ઘટે છે પ્રતિકૂળતાઓ દૂર થાય છે, અનુકૂળતાઓ આવી મલે છે. પ્રભુના માર્ગમાં આગળ વધવાના અધિકારી થઇએ છીએ, લોકપ્રિય થવાય છે. વ્યવહારની મુંઝવણ ઓછી થાય છે. લાંબા વખતે વચન સિદ્ધિ થાય છે. આ સર્વ પરમાત્માના નામ સ્મરણથી થાય છે.

ટુંકામાં કહીએ તો આ જાપથી દરેક મન કામના સિદ્ધ થાય છે. ત્રિકાળ જ્ઞાની જેવા જ્ઞાન પણ જાપમાંથી પ્રગટે છે. આ જાપ ગુણનો બનેલો છે. કોઇપણ ધર્મને બાધ ન આવે તેવો છે, કેમકે કોઇપણ ધર્મનું આમાં વિશેષ નામ નથી પણ સામાન્ય નામ છે, કે વિશ્વમાં કોઇપણ લાયકમાં લાયક તત્વ હોય તેને હું નમસ્કાર કરૂ છું એટલે મહાફલદાયક આ જાપ દરેક મનુષ્યને કરવા યોગ્ય છે.

## ઉપદેશ શતકમ્.

### ( આભાણ શતક )

ગતાંક પૃષ્ટ ૧૬ થી શરૂ.

૩૨ પોતે પાપ—કર્મ કરનારો પરને નિન્દતો સતો શી રીતે શુદ્ધ થઇ શકશે? કાગડો પોતે કાળો છતો ગળીના કુંડમાં સદાય વસતો શી રીતે ઉજવળ થઇ શકે?

૩૩ પાપ–કર્મ કરનાર પ્રાણી ગમે ત્યાં ગયો છતો મધ્ય ગ્રંથિવડે કદર્થિત કપાસની પેરે સર્વત્ર પીડા પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૪ દૂધવડે ધોવો છતો પણ કાગડો શું હંસપણું પામી શકે ? તેમ તપવડે કાયા કૃશ કરી છે એવો મિથ્યા દ્રષ્ટિ જીવ સારી ગતિ પામી શકતો નથી.

૩૫ પ્રથમ તો બુદ્ધિહીન અને અહંકારથી વ્યાપ્ત હોય તેની દશા અત્યંત ચપળ વાનરને વીંછી કરડયા જેવી જાણવી.

૩૬ પૂર્વે હીન જાતિ હોવા છતાં ક્રોધવડે અંધ બનેલા માણસને ઉકરડામાં રહેલા ઉંટની જેવો નીચો કોણે જોયો નહી હોય ?

૩૭ જે સ્વશાસ્ત્ર પ્રમાણથી હિંસા ધર્મને દયાધર્મ કહે છે, તેમનું વચન પોતાની માતાને વાંઝણી કહેવા સરખું વૃથા છે.

૩૮ રાજા પોતે અનીતિ કરે તો પછી પ્રજાની શી ગતિ ? આચાર્ય પોતે અકાર્ય કરે તો પછી શિષ્યની શી ગતિ ?

૩૯ શ્રી જિનેશ્વરને આરાધ્યા છતાં મોક્ષને માટે થાય અને વિરાધ્યા છતાં સંસાર ભ્રમણને માટે થાય તેથી સત્યોકિત કહેવાય છે કે 'રાજા કોઇના મિત્ર ના હોય'

૪૦ અનેક તપ કર્યા છતાં અજ્ઞાનીને સિદ્ધિ નજ થાય. દહીંને ઘોળતાં અંધને માખણની પ્રાપ્તિની જેમ.

૪૧ જેમ કુપુત્ર અનાયાસે ઘરમાંથી બહાર નાસી જાય તેમ ઔષધ ઉપચાર વગરજ સદ્‌ભાગ્યયોગે વ્યાધિ લય પામ્યો.

૪૨ સૂર્ય સામી નાંખેલી રજ પોતાની આંખમાં પડવાની તેમ ગુરૂ મહારાજની કરેલી અવજ્ઞા એવાંજ ફળને આપવાની.

૪૩ સદ્‌ગુરૂનો સંગ તજી કડવા બોલા ગુરૂનો જે આદર કરે છે તે બુદ્ધિહીનો ચિંતામણિને તજી કાચના કટકાને ગ્રહે છે.

૪૪ જેથી ધર્મનો નાશ થાય એવું વચન કયો શાણો જલ્પે ? જે સોનાથી કાન તૂટે તેવું સોનું ( આભરણ ) કોણ પહેરે ?

૪૫ ભમરીના ભયથી વસ્ત્રને ઉતારી નવસ્ત્રા થઇ રહેવાની જેમ લોક હાંસીના ભયથી શું પોતાનો આચાર મૂકી દેવાય ?

૪૬ માંહોમાંહે યુદ્ધ કરતા અન્યોના શ્રૃંગશસ્ત્ર વતી શૃંખલા નીકળી જવાની જેમ અન્યજનોના માંહોમાંહે વાર્તા પ્રસંગે સમ્યગ્ દ્રષ્ટિવંતની શંકા સહેજે નીકળી ગઇ.

૪૭ મિથ્યા દ્રષ્ટિની ક્રિયા–કરણી સમકિત ધારી જનોને વખાણવા લાયક નજ લેખાય.

૪૮ મૂઢ–મૂર્ખની સંગતિ કરી સમકિતને મલીન કરી દેવું તે પોતાનું પેટ ચોળીને શૂળ પેદા કરી લેવા જેવું જાણવું.

૪૯ ક્ષાયક સમકિતી અને નિર્મળ વૃત્તિવાળાના મનમાં કદાપિ સોનામાં શ્યામતાની જેમ જિન વચનમાં સંદેહ ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૦ કદાગ્રહથી સન્માર્ગ તજી ઉન્માર્ગે ચાલનારને બોધ કરવા પ્રયત્ન સેવવો તે માટીનો પાકો ઘડો ભાંગ્યા પછી તેને કાંઠા ચડાવવા જેવો નિષ્ફળ જાણવો.

૫૧ જેમ સમજુ શાણા લોકોએ બાળ વચના રાજપુત્રોને દુભવવા નહીં તેમ જૈન વેષ ધારી સાધુઓને વંદવા પણ નિન્દવા તો નહીં.

૫૨ જેમ ઉતાવળા આંબા ન પાકે તેમ ચારિત્રનું સેવન કરવાથી શીઘ્ર સા-- ક્ષાત મોક્ષ નજ સાંપડે.

૫૩ સાધુઓ અને અસાધુઓનો સંયોગ હિતાવહ નથી, વેશ્યા અને દિગં- બરોના સાથની જેમ તે શોભેજ કેમ ?

૫૪ સંયમ રહિત સાધુની ક્રિયા કરવી તે નીચેના ભાગમાં નાગા માણ- સને માથે પાઘડી બાંધવા તુલ્ય છે.

૫૫ થુંક વડે જેમ પુડલા કરવાનું અસંમત—અમાન્ય છે તેમ અંતરના ભાવ વગર વેષ ધારવાનું અસંમત જાણવું.

૫૬ દાળના પુડલા કરવા માંડતાંજ તેને પ્રથમથીજ તેલ પીવાની સ્પૃહા હોય છે, તેમ દીક્ષા ગ્રહણ કરતાંજ વિશેષ પ્રકારની વિષય સ્પૃહા રહ્યા કરે તે ત્યાજ્ય છે.

૫૭ જેમ ધોળે દહાડે ચન્દ્રપ્રકાશ ( ચાંદણી ) તથા મુંડિત મસ્તકે મુગટ ન શોભે તેમ ભાવહિન ( શૂન્ય ) પુરૂષને ધર્મ કરણી અને પુન્ય હીનને સુખ સ્પૃહા નજ શોભે.

૫૮ વિષય કષાયોવડે જેણે સંયમ માર્ગ ઢીલો કર્યો તેણે જાડા મુશલાવતી મોતીને વીંધવા માંડયું જાણવું.

૫૯ અહીં પ્રગટ મળતું સમતાનું સુખ તજીને જે પરલોકના પરોક્ષ સુખને ઇચ્છે છે તે કેડમાં રહેલા પ્રત્યક્ષ બાળકને તજીને ઉદરમાં રહેલા બાળકની ઇચ્છા કરવા જેવું કરે છે.

૬૦ સાધુપણું આદરીને જેણે પોતે દુરાચાર સેવ્યો તેણે હાથીની પેરે પોતાના હાથેજ પોતાના માથે ધૂળ નાંખી.

૬૧ જ્યાં કમળ હોય ત્યાં હંસો ખુશીથી વસે છે તેવી રીતે જ્યાં આત્મહિત થાય ત્યાં સાધુઓ પ્રસન્નતાથી રહે છે.

૬૨ સિંહની પેરે શીલ સન્નાહ સંયુકત, તપ બળવડે શુરવીર એવા જ્ઞાની મહામુનિ મોહાદિક કર્મ વેરીઓનો વિનાશ કરવા માટે સદા પ્રયત્ન કરે છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી આજકાલની સામાજીક સ્થિતિ અને અર્ધદગ્ધ કેળવણીના અનિષ્ટ પરિણામ.

( લે૦ નરોતમદાસ બી. શાહ મુંબઇ )

એક વિદ્વાન જણાવે છે કે "જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ દુ:ખમાં સબડતી માનવજાતની સેવા કરવાનો છે." ખરેખર ઉપરના સંદેશામાં ઘણુંજ રહેલું છે. આજે કેળવણી પ્રાપ્ત કર્યા પછી સાચો ઉદ્દેશ આપણાથી ભૂલાઇ જવાયો ઉંડુ રહસ્ય છે. આજકાલતો જેણે કેળવણી લીધી અને જરા બુદ્ધીશાળી કહેવાયો એટલે–કેળવણી પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ દુ:ખમાં સબડતી માનવજાતિની સેવા કરવાનો હોવા છતાં–તેના પ્રથમ દર્શનેજ કાંઈક ઉલટું જોવામાં આવે છે, કારણ કે આજે તો ગરીબ પણ પોતાના જાતભાઇઓ સામે જોવાની પણ ફુરસદ નહોય અને ફુરસદ હોય તો પણ એ એનું ફોડી લેશે આપણને એની શી પરવા છે અને આપણે એને માટે શું પડી છે; આવી જાતની જ્યાં મનોભાવના જણાતી હોય ત્યાં કોઈપણ સમાજની, જ્ઞાતિની અથવા તો કોમની ઉન્નતિ શી રીતે થઇ શકે ?

કેળવાએલ વર્ગમાં પણ અમુક, માનવજાત પ્રત્યે પ્રેમની દૃષ્ટિથી જોનાર લાગણીવાળી વ્યક્તીઓ હશે; પરંતુ જે ઠેકાણે અભિમાન, દંભ અને ખોટી મોટાઇ તેમજ બીજા તરફ તિરસ્કારથી જોવાની ટેવ તેમજ હું બીજાથી વધારે ભણેલો છું તેમજ કાંઈક આગળ વધેલો છું અને બીજાઓ તો અભણ છે, આવી જાતની વાતાવરણની હવા જે ઠેકાણે હસ્તી ધરાવતી હોય તે સંસ્થા કે કોમ કદિ ઉંચી આવી શકે નહિ. હું બીજાથી ઉંચો છું એવી ભાવના જેના હૃદયમાં થાય છે તેમજ પોતે જરા કેળવાએલમાં ગણાએલ હોવાથી લેખક તરીકે અથવા તો બોલવામાં વાચાળ હોવાથી મનમાં એમજ ફાંકો ધરાવે કે મારા જેવો કોઇ હોંશિઆર નથી, તેમજ જેના મગજની નળીઓમાંથી હુંપણાની વરાળ નીકળતી હોય; વગેરે વગેરે જાતની ભાવનાઓ જ્યારે કોઇ પણ કેળવાએલ વ્યકિતના હૃદયમાં થાય છે ત્યારે આવો કેળવાએલ સમાજસેવામાં કેવી રીતે પોતાનું ઉદ્યોગીપણું બતાવી સકે તેમજ જાહેર સેવાના કાર્યમાં ફતેહમંદ થઇ શકે ? અથવા તો તેને ગરીબોની સેવાનું શું લાગે વળગે છે, આ બધા અર્ધદગ્ધ કેળવણીના પરિણામો હોવાના સબબથીજ જણાવવાની જરૂર પડે છે કે વીરપરમાત્માના પુત્રો તરીકે આપણે આમનસામન એક બીજાને પછી તે કેળવણીમાં આગળ વધેલ હોય કે નહિ અથવા તો પૂર્વના કર્મના સંચિતને લઇને આર્થિક સ્થિતિમાં સામાન્ય અથવા તો મધ્યમવર્ગનો હોય છતાં આપણા પોતાના જાતભાઇઓ પ્રત્યે દુ:ખમાં ભાગ લેવો તે ખરેખર સ્વામીવાત્સલ્ય અને કોમ પ્રત્યેની સેવા છે અને આવી જાતની ભાવનાથી જો કાંઇ પણ કાર્ય થાય તોજ આપણા ઉદયનો કોઇ દિવસ આપણે નજીક જોઇ શકીશું. એટલાજ માટે ઉપરની ભાવના હોય તો વીરપરમાત્માના સાચા પુત્રો છીએ એવું સ્વાભિમાન લેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીઆર અંગોમાં નિરૂપણ કરેલ–
# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગત વર્ષ અંક ૧૨ પૃષ્ટ ૩૦૦ થી શરૂ. )

૧૦૦ પુષ્પદંત–સુવિધીનાથ ભગવાન એકસો ધનુષ્ય ઉંચા હતા. પુરૂષાદાનીય પાર્શ્વનાથ ભગવાન એકસો વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા યાવત્–સર્વ દુઃખ રહિત થયા. એમ સ્થવિર આર્ય સુધર્મા પણ ( સો વર્ષનું આયુષ્ય પાળી મોક્ષે ગયા. )

૧૦૧ ચંદ્રપ્રભુ અરિહંત દોઢસો ધનુષ્ય ઉંચા હતા.

૧૦૨ સુપાર્શ્વનાથ ભગવાન બસો ધનુષ્ય, ઉંચા હતા.

૧૦૩ પદ્મપ્રભુ ભગવાન અઢીસો ધનુષ્ય ઉંચા હતા.

૧૦૪ સુમતિનાથ ભગવાન ત્રણસો ધનુષ્ય ઉંચા હતા. અરિષ્ટનેમિભગવાન ત્રણસો વર્ષસુધી, કુમારપણામાં રહ્યા, પછી લોચ કરી, અણગાર થયા. શ્રમણભગવાન, મહાવીરને ત્રણસો ચૌદપૂર્વીઓ હતા.

૧૦૫ પુરૂષાદાનીય પાર્શ્વનાથભગવાનના ચૌદપૂર્વધારીઓની સંખ્યા સાડાત્રણસોની હતી.

૧૦૬ સંભવનાથ ભગવાન ચારસો ધનુષ્ય ઉંચા હતા. શ્રમણભગવાન મહાવીરના દેવ, મનુષ્યો અને અસુરોની સભામાં પણ અજીત એવા ચારસો વાદીઓ હતા.

૧૦૭ અજીતનાથભગવાન સાડાચારસો ધનુષ્ય ઉંચા હતા. સગર ચક્રવર્તિ સાડાચારસો ધનુષ્ય ઉંચા હતા.

૧૦૮ ઋષભદેવ ભગવાન કૌશલિક પાંચસો ધનુષ્ય ઉંચા હતા. ભરતચક્રવર્તિ પાંચસો ધનુષ્ય ઉંચા હતા.

૧૦૯ પાર્શ્વનાથ ભગવાનને દેવ, મનુષ્ય તથા અસુરોમાં અજીતવાદીઓની ઉત્કૃષ્ટ સંપદા છસોની હતી. અભિચંદ કુલકર છસોધનુષ્ય ઉંચો હતો. વાસુપુજ્ય, ભગવાન છસોપુરૂષો સાથે લોચ કરીને અણગાર થયા.

૧૧૦ શ્રમણભગવાન મહાવીરને સાતસો કેવળીઓ હતા. શ્રમણભગવાન મહાવીરને સાતસો વૈક્રિય લબ્ધિવાળા સાધુઓ હતા. અરિષ્ટનેમિભગવાન કાંઇક ( ચોપનદિવસ ) ઉણા એવા સાતસો વર્ષનો કેવળીપર્યાય પાળીને સિદ્ધ થયા. બુદ્ધ થયા યાવત્ સર્વ દુઃખ રહિત થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૧૧—શ્રમણભગવાન મહાવીરની ગતિ અને સ્થિતિમાં કલ્યાણવાળા ભવિષ્યમાં ભદ્ર પામનારા અને અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થનારા સાધુઓ આઠસો હતા. અરિહંત અરિષ્ટનેમિ, ભગવાનના દેવ મનુષ્ય અને અસુરોની, સભામાં જય પામનાર વાદિઓની સંખ્યા આઠસોની હતી.

૧૧૨ વિમલવાહન કુલકર નવસો ધનુષ્ય ઉંચો હતો.

૧૧૩ અરિષ્ટનેમિ ભગવાન હજાર વર્ષનું સર્વ આયુષ્ય પાળીને સિદ્ધ થયા, બુદ્ધ થયા યાવત્ સર્વ દુઃખરહિત થયા. પાર્શ્વનાથ ભગવાનના કેવળીઓ એક હજાર હતા. પાર્શ્વનાથ ભગવાનના હજાર શિષ્યો કાળધર્મ પામ્યા યાવત્ સર્વ દુઃખ રહિત થયા.

૧૧૪ પાર્શ્વનાથ ભગવાનને અગીઆરસો વૈક્રિય લબ્ધિવાળા હતા.

૧૨૬ પાર્શ્વનાથ ભગવાનને ત્રણલાખ અને સત્તાવીશ હજાર શ્રાવિકાઓ હતી.

૧૨૯ ભરતચક્રવર્તિ છ લાખ પૂર્વ સુધી રાજવીપણે રહ્યા અને પછી લોચ કરી અણગાર થયા.

૧૩૨ અજીતનાથ ભગવાનને નવ હજારથી અધિક (૯૪૦૦) અવધિજ્ઞાનીઓ હતા.

૧૩૩ પુરૂષસિંહ વાસુદેવ દશલાખ વર્ષનું સર્વ આયુષ્ય પાળીને પાંચમી પૃથ્વીમાં નારકીમાં નારકીપણે ઉત્પન્ન થયો.

૧૩૪ શ્રમણભગવાન મહાવીર તીર્થંકરના ભવથી પૂર્વના છઠ્ઠા પોટિલના ભવમાં એક ક્રોડ વર્ષનો દિક્ષા પર્યાય પાળીને સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા હતા.

૧૩૫ ઋષભદેવ ભગવાનથી અંતિમ મહાવીર–વર્ધમાનસ્વામીનું આંતરૂ એક કોડા કોડી સાગરોપમનું છે.*૧૩

૧૫૭–તીર્થંકરો.

તે કાલને તે સમયને વિષે કલ્પનું **સામવસારણ** જાણવું *૧૪ યાવત–ગણધરો સાપત્ય અને નિરપત્ય મોક્ષે ગયા.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ગત ઉત્સર્પિણી કાળમાં સાત **કુલકરો** થયા છે.

* અહીં કંઇક અધિક (?) એવા બેંતાલી શહજાર વર્ષ ઓછા રહે છે છતાં આ સંખ્યા નાની હોવાથી ગૌણતામાની એક કોડાકોડી સાગરોપમ કહેલ છે—ટીકાકાર.

* ૧૪ અહીં આવશ્યક સૂત્રમાં કહેલ કલ્પ ભાષ્યના ક્રમથી સમવસરણની વક્તવ્યતા જાણવી અથવા પર્યુષણા કલ્પના અનુક્રમથી સમવસરણ વકતવ્યતા જાણવી–ટીકાકાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે આ પ્રમાણે–મિત્રદામ, સુદામ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, વિમલઘોષ, સુઘોષ અને મહાઘોષ. ( ગાથા. ૧ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ગત અવસર્પિણી કાળમાં દશ કુલકરો થયા તેના નામો–સ્વયંજલ, શતાયુ, અજીતસેન, અનંતસેન, કાર્યસેન, ભીમસેન, મહાભીમસેન દઢરથ, દશરથ, અને શતરથ ( ગાથા. ૨ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં સાત કુલકરો થયા તેનાં નામો–વિમલવાહન*૧૫ ( બાકીના નામો ગાથા. ૩ )

આ સાત કુલકરોને સાત સ્ત્રીઓ હતી તેના નામ–ચંદ્રયશા, ચંદ્રકાંતા, ( શેષનામાવળી ) ( ગાથા. ૪ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં ( ચોવીશ ) તીર્થંકરોના ચોવીશ **પિતા** હતા. તેનાં નામો નાભિ, જીતશત્રુ ( તથા જીતારી વિગેરે. ) આ તીર્થ પ્રવર્તક જીનેશ્વરના પિતા અભ્યુદય પામતા કુલ–વંશમાં ઉત્પન્ન થએલા વિશુદ્ધ વંશવાળા અને ગુણવાન હોય છે. ( ગાથા. ૫–૬–૭–૮ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળના, તીર્થંકરોની ચોવીશ **માતાઓ** હતી, તેનાં નામ–મરૂદેવી, વિજયા, સેના ( સિદ્ધાર્થા વિગેરેનાં નામ ગાથા. ૯–૧૦ )

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં **ચોવીશ તીર્થંકરો** થયા તેના નામ–૧ ઋષભ, ૨ અજીત, ૩ સંભવ, ૪ અભિનંદન–૫ સુમતિ, ૬ પદ્મપ્રભ, ૭ સુપાર્શ્વ, ૮ ચંદ્રપ્રભ, ૯ સુવિધિપુષ્પદંત, ૧૦ શીતલ, ૧૧ શ્રેયાંસ, ૧૨ વાસુપૂજ્ય, ૧૩ વિમલ, ૧૪ અનંત, ૧૫ ધર્મ, ૧૬ શાંતિ, ૧૭ કુંથુ, ૧૮ અર, ૧૯ મલ્લિ, ૨૦ મુનિસુવ્રત, ૨૧ નમિ, ૨૨ નેમિ, ૨૩ પાર્શ્વ, અને વર્ધમાન.

આ ચોવીશ તીર્થંકરોના **પૂર્વભવના** ચોવીશ નામો છે તે આ પ્રમાણે વજ્રનાભ, વિમલ, વિમલવાહન, ધર્મસિંહ સુમિત્ર, ધર્મમિત્ર, સુંદરબાહુ, દીર્ઘબાહુ, યુગબાહુ, લષ્ટબાહુ, દિન્ન, ઇંદ્રદત્ત, સુંદર, માહેંદ્ર, સિંહરથ, મેઘરથ, રૂપી, સુદર્શન, નંદન, સિંહગીરી, અદીનશત્રુ, શંખ, સુદર્શન, અને નંદન એ આ અવસર્પિણીના તીર્થંકરોના પૂર્વભવો જાણવા ( ગાથા. ૧૧–૧૨–૧૩–૧૪ ) ( ચાલુ. )

* ૧૫–"આગમોદય સમીતિ" મુદ્રિત શ્રી સમવાયાંગ સૂત્રના આ અધિકારમાં ચુમાલીસ ગાથાઓ આપી છે. જેમાં કેટલીક મૂળ સ્વરૂપે છે જ્યારે કેટલીક [ ] કાટખુણુ કૌંસમાં આપેલ છે. વળી ( ) કૌંસની ગાથાઓ અખંડપણે ટીકામાં છે જે ગાથાઓ મુદ્દામ મૂલ સૂત્રની નહીં હોય એમ ધારીને ( ) કૌંસની ગાથાનો અર્થ આ નિબંધમાં આપેલ નથી. લેખક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક ઉપયોગી પત્ર.

[ આ એક જુનો પત્ર છે, જે પત્ર મર્હુમ ગાંધી વીરચંદ રાઘવજીનો **અમેરીકાથી આવેલ**, જેની નકલ અમદાવાદથી શેઠ મગનલાલ દલપતરામે પ્રાત:સ્મરણીય આચાર્યશ્રી વિજયાનંદસૂરિશ્વરજી ( આત્મારામજી ) મહારાજના ઉપર મોકલાવેલ, તેની અસલ કોપી અમોને એક વિદ્વાન પૂજ્ય મહાત્મા તરફથી મળેલ છે જેથી તે સમયની અને આજની પરિસ્થિતિમાં કેટલું બધું અંતર પડી ગયું છે તે સમાજના જાણુમાં આવે તે માટે, તથા બંધુ વીરચંદભાઇનો જૈન ધર્મનો પ્રચાર અમેરિકામાં કરવામાં કેવો પ્રયત્ન હતો તેની જાણુનો સહજ બોધ થઇ આવે તે માટે આ પત્ર અક્ષરશ: નીચે પ્રમાણે આપીએ છીએ. ]

( માસિક કમિટિ )

**અમદાવાદ તા: ૧૨-૩-૯૫.**

સ્વસ્તશ્રી અંબાલા મહા શુભસ્થાને પૂજ્યારાધે સર્વગુણ સંપન્ન ૧૦૦૮ શ્રી શ્રી શ્રી શ્રીમદ્વિજયાનંદસૂરિજી ( આત્મારામજી ) વિગેરે સાધુ સમસ્ત શ્રી અમદાવાદથી લી. સેવક મગનલાલ દલપતરામના ૧૦૦૮ વાર વંદણા આપની સેવામાં સ્વીકારશો અત્રે સરવે ખુશીમાં છે. હું પાલીતાણા જાત્રા કરવાને વાસ્તે મુંબઈથી આવેલો હતો અને ત્યાંથી જાત્રા કરીને પાછો અત્રે અમદાવાદ આવેલો છું. મેં આપના ઉપર પાલીતાણેથી કાગળ લખ્યો હતો તે પહોંચ્યો હશે. બોસ્ટન નામે અમેરીકાના શહેરથી વીરચંદ રાઘવજીનો કાગળ મારા ઉપર આવ્યો તેની નકલ મેં અત્રે ઉતારીને મોકલી છે. લી૦ સેવક, **મગનલાલ દલપતરામ.**

## બોસ્ટન શહેરથી આવેલ વીરચંદ રાઘવજીના કાગળની નકલ.

બોસ્ટન તા. ૫ ફેબ્રુવારી ૧૮૯૫

**પૂજ્યારાધ્ય રા. રા. મગનલાલ દલપતરામની સેવામાં**
**શ્રી મુંબઇ.**

“ બોસ્ટનથી લી૦ સેવક વીરચંદ રાઘવજીના પ્રણામ વાંચશો. આપના પત્રો પહોંચ્યા છે. ઘણાં વખત થયા મેં પત્રો લખ્યા નથી તેના બે કારણો છે, પ્રથમ તો જે મેં અહિંઆ ઉપયોગી કામો કરેલા છે તે તેમાટે રણશીંગુ વગાડવું એ હું હલકું કામ ગણું છું. બીજું હજુ સુધી ભાષણો આપવાના કામમાં મારો તમામ વખત જાય. છે, તેથી સવિસ્તર પત્ર લખવાને ફુરસદ મેળવી શક્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બોસ્ટન શહેરમાં તા. ૧ લી ફેબ્રુવારીને રોજ આવ્યો છું અને અત્રે ત્રણ-ચાર અઠવાડીયા રહેવાનો વિચાર છે, ગયા વર્ષના ઓગસ્ટ માસમાં લીલીડેલ નામના શહેરમાં " Cassadaga lake free association " નામની સભાના આશ્રય નીચે હજારો લોકોની સભા મળી હતી. તેમાં જુદા જુદા મતના લોકો હાજર થયા હતા. એ સભાના મેમ્બરો Spritualisto એટલે મૃત્યુ પછી મનુષ્ય દેવયોનિમાં જાય છે એમ માનનારા છે. એ સભા તથા હજારો લોકો સમક્ષ મેં ઘણા ભાષણો આપ્યા હતા. તેમાંનું પહેલું ભાષણ " Indian message to America " એ ટાઇટલથી આપ્યું હતું. ષડ્ દર્શન, ધ્યાનના પ્રકાર જૈનમત શ્રાવક ધર્મ તથા યતિ ધર્મ વિગેરે જુદા જુદા વિષયો ઉપર ઘણા ભાષણો આપ્યા હતા. અમદાવાદ વિશાશ્રીમાળી નાતના ગૃહસ્થોએ મારા સાંભળવા પ્રમાણે ઠરાવ કર્યો છે કે વિલાયત તથા અમેરીકા જનાર ગૃહસ્થ સાથે સંબંધ રાખનારા લોકો સાથે તેઓ કશો વહેવાર રાખશે નહિ. જ્યારે આપણા જૈનભાઈઓ આવો ઠરાવ કરે છે ત્યારે લીલીડેલ શહેરમાં આવેલા ગૃહસ્થો તથા મડમોએ જૈન ધર્મના ઉત્તમ-તત્વો સાંભળી ખુશી થઇ પોતાની ખુશાલી જાહેર રીતે બતાવવા તથા કદર બૂજવા મને એક સોનાનો ચાંદ આપ્યો છે. આ હકીકત સવિસ્તર લખતા ઘણા પાનાઓ ભરી શકાય, પરંતુ મારી પોતાની બાબતમાં મને લંબાણથી લખતા શરમ આવે છે.

લીલીડેલ હું એક માસ રહ્યો હતો. કેટલાક લોકોએ માંસાહારનો ત્યાગ કર્યો છે, ત્યારપછી હું કલીવલેન્ડ નામના શહેર તરફ ગયો હતો. ત્યાં ત્રણ અઠ-વાડીયાં રહ્યો હતો તે દરમીઆન ભાષણો આપ્યા હતા. નવકાર મંત્રની ખુબી વિગેરેથી લોકો ચકિત થયા હતા અને ઘણા લોકોનો આગ્રહ હતો કે જો હું એ શહેરમાં સ્થાયી રહું તો તેઓ ત્યાં એક જૈન કોમ સ્થાપન કરે અને જૈન ધર્મના કાનુન પ્રમાણે ચાલે. કલીવલેન્ડથી રોચેસ્ટર હું ગયો. ત્યાં દશ–બાર દિવસ રહી ચિકાગો ગયો હતો. ત્યાં એક માસ રહી દરમીયાન First spiritualists society ( ફર્સ્ટ સ્પીરીચ્યુએલીસ્ટ સોસાયટી ) ના દેવલમાં જૈનધર્મને અનુસારે હજારો લોકો સમક્ષ પ્રાર્થના વિગેરે ચલાવી હતી જેને અહિંઆના લોકો રીલીજીયસ સર્વીસ કહે છે. ત્યારપછી આ દેશના પાયતખ્ત શેહેર વોશીંગટન તરફ રવાને થયો. વોશીંગટન શહેરમાં આશરે ત્રણ માસ સુધી રહ્યો. તે દરમીઆન જુદી જુદી જગાએ ૧૦૭ ભાષણો મેં આપ્યા. એ ભાષણોથી જૈનધર્મ ઉપર લોકોની એટલી તો પ્રીતિ ઉત્પન્ન થઇ કે તેઓ મને વૉશીંગટનમાંથી જવા દેતા નહોતા. આખરે તેઓએ જૈન ધર્મનો અભ્યાસ કરવાને એક સભા સ્થાપી છે. આ સાથે મોકલેલા Woman's Tribune ( ”મન્સ ટ્રીબ્યુન ) નામના ન્યુસપેપરમાં છપા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યેલા આટીકલમાંથી આપની ખાત્રી થશે કે મેં અમેરિકામાં ઉપયોગી કામ કર્યું છે એટલુંજ નહિ પરંતુ અહિંઆના લોકોનો મારા ભાષણોથી એવો મત થયો છે કે જૈન લોકો સમાન ઉત્તમ કોમ બીજી કોઇ નથી તેઓ ધર્મકર્મ આચારવિચાર વિગેરે વિગેરે સર્વે બાબતોમાં સર્વોત્તમ છે. હજુ સુધી અમેરિકાના લોકોને અમદાવાદના વીશાશ્રીમાળી નાતના ઠરાવ સંબંધી તથા કલકત્તાના રાય બદ્રીદાસ બહાદુરના વિચારો સંબંધી કશી માહીતી નથી. જ્યારે અહિંઆના લોકો એ હકીકત જાણશે કે જૈનકોમ જેવી ઉત્તમ કોમમાં ઉપર જણાવ્યા પ્રમાણે વિચારવાળા કેટલાક લોક છે ત્યારે મારે શરમાવું પડશે.

વોશીંગ્ટનથી બોલ્ટીમોર ગયો હતો ત્યાં ત્રણ દિવસ રહી ફીલાડેલફીઆ નામના શહેરમાં ત્રણ દિવસ રહી અત્રે આવ્યો છું.

આ બોસ્ટન શેહેર વિદ્યાકળામાં, સાહિત્યમાં ફીલોસોફી વિગેરે બાબતોમાં અગ્રેસરછે. ત્યાં ૩ જી ફેબ્રુવારીના રોજ અત્રેના જુદા જુદા Universalist પંથના ખ્રીસ્તી દેવળોના પાદરીઓ સમક્ષ " Jain Philosophy " ( જૈન ફીલોસોફી ) સંબંધી મેં ભાષણ આપ્યું હતું. તા. ૨ જી ફેબ્રુવારીને રોજ અત્રેની " થીઓસોફીકલ સોસાઈટી " સમક્ષ સમ્યકચારિત્ર એ વિષય ઉપર મેં ભાષણ આપ્યું હતું.

તા. ૧ લી માર્ચના રોજ હું ચિકાગો જઇશ. ત્યાં માર્ચમાસ આખો રહી ૧ લી એપ્રીલના રોજ ન્યુયોર્ક આવીશ. ત્યાંથી તા. ૧૦ મી એપ્રીલના રોજ સ્ટીમર મારફતે રવાના થઇશ અને તા. ૧૭ મીને રોજ લંડન પહોંચીશ. તા. ૨૧ મી એપ્રીલને રવીવારને રોજ South end chapel ( સાઉથ એન્ડ ચેપલ ) નામના ખ્રીસ્તી દેવલમાં ( લંડન શહેરમાં ) જૈન ફીલૉસૉફી ઉપર ભાષણ આપીશ. થોડા દિવસ લંડન શહેરમાં રહી તરતજ હું મુંબઇ આવીશ. ફેબ્રુવારી માસની શરૂઆતમાં મુંબાઇ તરફ આવવા વિચાર હતો, પરંતુ આ મહિનામાં શિઆળો સખત છે અને જગાએ જગાએ બરફ વરસે છે તેમજ દરીઆમાં બરફનું તોફાન રહે છે. માર્ચ માસ સુધી ઋતુ તોફાની રહે છે, તેથી હું અત્રે રોકાઇ રહ્યો છું. એપ્રીલ માસમાં ઋતુ સારી થાય છે તેથી એપ્રીલની શરૂઆતમાં હું રવાના થઇશ.

મીસીસ ચાર્લ્સ હાવર્ડની જૈન ધર્મ ઉપર અધિક પ્રીતિ છે. જરૂર સિદ્ધચક્રનો ગટ્ટો તેમના ઉપર મોકલાવવો જોઇએ. રૂપાના ઘરામાં મોકલાવવાનો તમારો વિચાર હું પસંદ કરૂં છું. મીસીસ હાવર્ડ એપ્રીલ માસમાં ઘણું કરીને ઈંગ્લાંડ જનાર છે માટે સિદ્ધચક્રનો ગટ્ટો મારા લંડનના નીચે પ્રમાણે સીરનામે એપ્રીલની ૧૫ મી તારીખે પહોંચે એ રીતે મોકલાવશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



V. R. Gandhi. C/o Thomas cook
and son Ludgate Circus London. E. C.

હું તેમને ઈંગ્લાંડમાં પહોંચતો કરીશ. Wonan's tribune સિવાય બીજા બે ન્યુસ પેપરો આ સાથે મોકલાવેલા છે, " Washington Post " & Newyork એ પેપરોમાં મારા ભાષણો સંબંધી વૃત્તાંત છે અને તેના ઉપર મેં નિશાની કરી છે તેથી આપને માલમ પડશે.

આ દેશમાં આટલો વખત રોકાવાથી ધર્મ સંબંધી કામ એટલું તો કરી શકયો છું કે તેની ગણતરી થઇ શકે નહિ. ખ્રીસ્તી ધર્મના અંધકારથી અંધ થઇ ગએલા લોકોની આંખો ઉઘડવા લાગી છે અને ધર્મ શબ્દનો ખરો અર્થ સમજવા લાગ્યા છે. જૈન ધર્મના પ્રતિનિધિઓ આ દેશના લોકોને અકથ્ય લાભ કરી શકે એમા કશો શક નથી. વોશીંગ્ટન શહેરમાં મી. રાઇટ તેમની મડમ તથા પુત્રી ત્રણે જણા જન્મથી માંસાહાર કરતા હતા, પરંતુ મારા આઠ ભાષણો સાંભળ્યા પછી માંસાહારનો ત્યાગ કર્યો છે. આવા ઘણાં દાખલા છે.

લન્ડન શહેરના South end Chapel નામના ખ્રીસ્તી દેવળના પાદરી Dr. moncure D. bonway મને લખી જણાવે છે કે ઇંગ્લાંડમાં અત્યાર સુધી કોઇ પણ હિંદુ ગૃહસ્થે જૈન ધર્મ સંબંધી ભાષણ આપ્યું નથી તેથી મારે જરૂર તે વિષય ઉપર ભાષણ આપવું જોઇએ. મેં તેમનું આમંત્રણ સ્વીકાર્યું છે અને તા. ૨૧ મી એપ્રીલના રોજ તેમના દેવળમાં જૈન ધર્મ ઉપર ભાષણ આપીશ.

વિશેષ હકીકત આવતા અઠવાડીએ લખીશ. સર્વ ભાઇઓને પ્રણામ કહેશો. તા. ૧૭ મી માર્ચ પહેલા પત્ર લખો તો ચીકાગોના શીરનામાથી લખશો અને ત્યાર પછી લંડનના શીરનામાથી લખશો."

ભાઇ વીરચંદે અમેરિકાથી જે છાપા મોકલ્યાં છે તે મુંબઇથી મને અહીં- આ મોકલ્યાં નથી તે હું મુંબાઇ જઇ વાંચીને આપ સાહેબને સાર જણાવીશ. હું આજ મુંબઇ જવાનો છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથ વાચન અને વિદ્યા—વ્યાસંગ.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૨૫ થી શરૂ. )

એક બીજા અંગ્રેજ વિદ્વાન પાદરી રિચર્ડ ડી બરીનો મત છે કે “ પુસ્તકો આપણા એવા શિક્ષકો છે કે જે આપણને માર્યા વગર, આપણા ઉપર ક્રોધ કર્યા વગર અને કાંઈ પણ બદલો લીધા વગર આપણને શિક્ષણ આપે છે. આપણે આપણી મરજીમાં આવે ત્યારે તેઓની પાસે જઈ શકીએ છીએ. આપણે એને કોઇ વાત પૂછશું તો તેઓ કદિ કશું પણ છુપાવશે નહિ. કોઈ વખત આપણે કંઇ ભૂલ કરી બેસીએ તો તેઓ જરાપણ ચીડાશે નહિ. આપણે કંઇક નહિ જાણતા હોઇએ તો તેઓ આપણી હાંસી નહિ કરે. એટલા માટે સંસારમાં પુસ્તકો કરતાં વધારે મૂલ્યવાન વસ્તુ એક પણ નથી અને સંસારની કોઇ પણ વસ્તુની સરખામણી એની સાથે કરી શકાય જ નહિ. જે મનુષ્ય પોતાને સત્ય, આનન્દ, જ્ઞાન, વિજ્ઞાન અને ધર્મનો ચુસ્ત અનુયાયી અને પ્રેમી ગણે છે તેણે તો પુસ્તકોના પ્રેમી જરૂર બનવું જોઇએ.” સુવિખ્યાત અંગ્રેજ વિદ્વાન મહાશય મૈકોલે એક મહાન્ અમીર હતો અને સમાજમાં તેની પ્રતિષ્ઠા ઘણી જ હતી. તેણે પોતાના આત્મ-ચરિતમાં લખ્યું છે કે તેને સૌથી અધિક આનંદ પુસ્તકોના વાચન અને અવલોકનમાંથી જ મળતો હતો. એક પત્રમાં તેમણે એક વખત લખ્યું હતું કે “ જો કોઈ મને એક મહાન્ બાદશાહ બનાવીને રહેવા માટે સુંદર મહેલ આપે, હરવા ફરવા માટે સુશોભિત રમ્ય બાગ બગીચા બનાવી આપે, સ્વાદિષ્ટ ભોજનો, સુંદર વસ્ત્રો તથા અનેક નોકર ચાકરોની વ્યવસ્થા કરી આપે, અને પછી એમ કહી દે કે તમારે પુસ્તકોનું વાચન અવલોકન ન કરવું તો હું કદિ પણ બાદશાહ બનવાનું કબુલ ન જ કરૂં. હું પુષ્કળ પુસ્તકો લઇને ગરીબોની માફક ઝુંપડામાં રહેવાનું પસંદ કરૂં છું, પરંતુ એવી બાદશાહી નથી પસંદ કરતો કે જેને લઇને મારે પુસ્તકોનો પ્રેમ તજવો જોઇએ.” સારા ગ્રંથોના ઉત્તમ મહિમા વિષે નીચેના સુવર્ણ વચનો સ્મરણ પટ ઉપર હંમેશાં કોતરી રાખવા લાયક છે. “ સદ્ગ્રંથ વિનાનું ઘર નિર્જીવ મુડદાની ઘોર જેવું છે.” ‘ ગ્રંથ સંગ્રહરૂપી કલ્પવૃક્ષ પાસે જે માગશો તે મળશે ’ ‘સારાં પુસ્તકો યુવાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીમાં ઉત્સાહ આપે છે.’ ‘ઉત્તમ પુસ્તકો એ સુવર્ણમય વચન વિચારોનો ભંડાર છે. ’ આ જગતમાં બીજી વસ્તુઓ જે કાંઇ આપી શકે છે તે સર્વ કરતાં સદ્ગ્રંથો ઘણું જ સરસ અને વધારે આપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ' ' માણસને લુગડાંલત્તાં કરતાં પુસ્તકોની વધારે જરૂર છે. ' ' મહાન સ્ત્રી પુરૂષોનાં ચરિત્રો સાફ સમજાવે છે કે મહત્તાનો દરવાજો સર્વ કોઇ માટે સદાય ઉઘાડો છે.' અન્નવિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન અને ચારિત્ર્ય વિનાનું જીવન નિર્માલ્ય અને દુઃખદાયક હોવાથી તેની શુદ્ધિ વૃદ્ધિ અર્થે છેવટે રોજ પાઇ પૈસો પણ અલગ કાઢીને દરેકે પોતાનાં ઘરમાં સારાં પુસ્તકો ઉમેરવાં જોઇએ. વારસામાં આપવા માટે બીજા બાહ્ય પદાર્થો કરતાં જ્ઞાન-ચારિત્ર્યવર્ધક ગ્રંથો દેવતાઇ વસ્તુ છે. " એ ઉપરાંત સદ્ગ્રંથ સમાગમના લાભ વિષે મહાન પુરૂષો શું કહે છે તે પણ વિચારવા લાયક છે. ' ગ્રંથોનો સ્નેહ એ પ્રભુના રાજ્યમાં જવાનો પરવાનો છે.' ' ખરાબ ચોપડીઓનું વાચન એ ઝેર પીવા સમાન છે. ' ' મહેલોથી અખુટ ભંડારથી જે સંતોષ નહિ મળે તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે.' ' લીલા વનમાં ભુખે મરનાર પશુમાં અને આટલે આટલે સાધને જ્ઞાનહીન રહેનાર મનુષ્યમાં શું ફેર ? ' ' જેના ભાગ્યમાં સારા ગ્રંથો વાંચવાના હોય તેના આગળ ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શી ગણતરીમાં ? " સ્વામી વિવેકાનંદજી કહે છે કે તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે પણ મળી આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે જેમ થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતના અને બીજાં સારા પુસ્તકો વાંચો; કેમકે તેની તમારે આખા જીવન સુધી જરૂર છે.' મ૦ ગાંધીજી કહે છે કે પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો, તેથી મને વધારે જેલ મળત તો પણ હું કાયર નહિ થાત, એટલું જ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલ્ટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે તે ગમે તે જગ્યાએ એકાંત વાસ સહેલાઇથી વેઠી શકે છે. એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર વિચાર પણ કરી શકશો. "

સદ્ગ્રંથ સામર્થ્ય વિષે નીચેની સુંદર પંક્તિઓ મનનીય છે.

માનવ ! મોટું ભાગ્ય, જો તું ઇચ્છે તાહરૂં;
તો તો ઝટપટ જાગ્ય, સદ્ગ્રંથો હાકલ કરે.
મહાપુરૂષનો સંગ, માનવ ! મળવો દોહ્યલો;
આપે એનો રંગ, ઉપદેશોના ગ્રંથ શુભ.
અંધકાર અજ્ઞાન, દૂરજ કરવા ઉગીયો;
જ્ઞાન-સૂર્ય એ જાણ, તુજ પૂર્વજનો વારસો.
લોહ સમું જે મન, માટીમાં માટી બને;
કર એનું કાંચન, પારસગ્રંથ સમાગમે,
માનવ મોંઘો દેહ, ખેહ થવા નવ ખો વૃથા;
અમરપણું લે તેહ, જ્ઞાન ભજન ને દાનથી,
વ્હેવા ચાહો વીર, મ્હોટા જનને મારગે;
ધારો ગુણ ગંભીર, ચરિત્ર વાંચી તેમનાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન ઉત્તમ થાય, ચરિત્ર ઉત્તમ વાંચતાં;
એ અર્થે વંચાય, ચરિત્ર ગ્રંથો ચાહથી.
પરમ શ્રેયને પામવા, રાજી કરવા રામ;
ઉત્તમ વાંચન વાંચજો, કરજો રૂડાં કામ.
ભગવત ભેટે ભાવથી, કંપે કાળ કરાળ;
ભાવ થકી ભાઇ ભજો, ભવ્ય ગ્રંથની માળ.
વૃથા વહેતા સમયની, લેવા શુભ સંભાળ;
વાંચો વીર વિવેકથી, વિવિધ ગ્રંથની માળ.

હવે જેવી રીતે વાંચનારને માટે પુસ્તકો મિત્ર અને શિક્ષકોનું કાર્ય આપે છે તેવીજ રીતે લખનારને માટે તેઓ સંતાનનું કાર્ય આપે છે અને તેનું નામ જગતમાં અમર રાખે છે. જેવી રીતે વાંચનાર માટે પુસ્તકોની અંદર મિત્રો તથા શિક્ષકો કરતાં અનેક વિશેષતાઓ રહેલી છે તેવી રીતે લખનાર માટે પણ ગ્રંથોમાં સંતાન કરતાં કેટલીક વધારે વિશેષતાઓ છે. આપણે આપણા સંતાનને ઉંચામાં ઉંચી કેળવણી આપવાનો પ્રયત્ન કરીયે તો પણ આપણે નિશ્ચય પૂર્વક એમ નથી કહી શકતા કે આપણા સંતાનને હાથે એવું એક પણ કામ નહિ થાય કે જેનાથી આપણી કીર્તિને કલંક ન લાગે; પરંતુ ગ્રંથોની બાબતમાં એવું કશું નથી. ગ્રંથને સારો બનાવવા માટે આપણે જેટલો વધારે પ્રયત્ન કરશું તેનાથી આપણી કીર્તિ પણ તેટલીજ નિશ્ચયાત્મક થશે. સંતાનથી આપણું નામ બે—ચાર સૈકા સુધી કદાચ ચાલે, પરંતુ ગ્રંથો તો આપણા નામને હજારો વર્ષો સુધી ટકાવી રાખે છે. હેમચંદ્રાચાર્ય, વ્યાસ, વાલ્મીકિ, ગૌતમ, જૈમિનિ, પાણિનિ, કાળીદાસ, શેકસપીયર, મીલ્ટન, વિગેરે સત્પુરૂષોની કીર્તિ તેઓના ગ્રંથોને લઇનેજ સંસારમાં અમર બની રહી છે, નહિ કે તેમના સંતાનોને લઇને! તેમજ હવે સંસારમાંથી તેમના નામનો લોપ થવાની જરાપણ સંભાવના નથી. મહાભારત કે રામાયણનું નામ લેવામાં આવે તે સાથેજ વ્યાસ અને વાલ્મીકિનું સ્મરણ જરૂર આવેજ. ન્યાયમીમાંસા, યોગ વિગેરેનો પ્રસંગ આવે છે ત્યાં હેમચંદ્રાચાર્ય, ગૌતમ, જૈમિનીના નામનું સ્મરણ થાય છેજ. પાણિનિના સંબંધમાં તો એટલુંજ કહેવાનું કે તેઓ અત્યારે પણ સમસ્ત સંસારને 'वृद्धिरादैच' વિગેરે સૂત્રોનો પાઠ સંભળાવી રહેલ છે. અભિજ્ઞાન શાકુંતલ, રઘુવંશ. કુમારસંભવ, મેઘદૂત વિગેરે નાટકો તથા કાવ્યોએ આજ લગી પણ કાળીદાસનું નામ ભૂલાવા દીધું નથી. મરાઠી સાહિત્યમાં જ્ઞાનેશ્વર, તુકારામ, રામદાસ, વામન, મોરોપંત, શ્રીધર વિગેરે ગ્રંથકારોએ, ગુજરાતી સાહિત્યમાં નરસિંહમહેતો, પ્રેમાનંદ વિગેરે કવિઓએ જેવી અને જેટલી કીર્તિ પોતાના ઉત્તમ કાવ્યો તથા ગ્રંથોને લઇને મેળવી છે તેનો શતાંશ યશ પણ તેઓ સારા સંતાનને લઇને કદાચ ન મેળવી શકત એ નિર્વિવાદ છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રી-વિભાગ.

## આપણી સ્ત્રી કેળવણી.

આ સંસારમાં દરેક શ્રાવિકાએ સ્ત્રી કેળવણી લેવી જોઇએ. પૂર્વકાલે આપણી આર્યશ્રાવિકાઓ તન, મન અને ધનથી સ્ત્રી કેળવણી સંપાદન કરવાને સદા તત્પર રહેતી હતી. આપણાં આદીશ્વરભગવાન શ્રી ઋષભદેવના પવિત્ર પુત્રી બ્રાહ્મી અને સુંદરી કેવી વિદુષી શ્રાવિકા હતી ? તે વાર્ત્તા આપણા જૈન ઇતિહાસમાં પ્રખ્યાત છે. તે સિવાય સુલસા, ચંદનબાલા, સીતા, દ્રૌપદી વગેરે આપણી અનેક સતીઓ પણ વિદ્યાથી અલંકૃત હતી અને સ્ત્રી કેળવણીના પ્રભાવથી તેઓ જૈનસતી મંડલમાં ગણનીય થયેલી છે, જેમના પવિત્ર નામોનું સ્મરણ આપણે આપણી આવશ્યક ક્રિયામાં અદ્યાપિ કરીએ છીએ. તે મહાસતીઓનું યશોગાન યાવચ્ચંદ્ર દિવાકરૌ આ જગત્માં થયા કરશે. એ બધો પ્રભાવ સ્ત્રી કેળવણીનોજ છે.

સ્ત્રી કેળવણી કેવું કેવું ઉત્તમ શિક્ષણ આપે છે, તે સર્વને શ્રવણીય છે. સ્ત્રી કેળવણી પામેલી કાંતાઓ પતિની આજ્ઞાનુસાર વર્ત્તે છે, શ્વસુરપક્ષના સ્ત્રીવર્ગ–વડીલ સાસુ વગેરેની સવિનય–સપ્રેમ આજ્ઞાઓ ઉઠાવવા તત્પર થાય છે. સાસુ પદ મલતાં પોતાની પુત્ર વધૂને પારકી પુત્રી ન ગણતાં પોતાની પુત્રી સમાન ગણે છે. તેને એક ગુલામડી સમાન ન ગણતાં તેના ગજા સમાન કામ સોંપે છે. પોતાના આશ્રિતોને નહિં તરછોડતાં તેમનું પ્રેમથી પાલન કરે છે. અને કુટુંબમાં કલેશનો પ્રવેશ થવા દેતી નથી.

સ્ત્રી કેળવણી પામેલી શ્રાવિકા સડકનો નીતિમાર્ગ ત્યજી કાંટા કાંકરાવાળા અનીતિને ઉન્માર્ગે ચાલતી નથી. વિદુષી બાલાનું મન હંમેશા મોટું રહે છે. તે સાસુના કૃત્યોપર ટીકા કરતી નથી, અને કુટુંબના દોષો પ્રકટ કરવા પ્રયત્ન કરતી નથી. કદાચ સાસુ અથવા કોઇ વડીલ ઠપકો આપે તો તે શાંતિથી સહન કરી પોતાની ભૂલો સુધારવા પ્રયત્ન કરે છે, પરંતુ સામું બોલી કલેશના બીજ રોપતી નથી. તેમજ તે નણંદના વધારે લાડ જોઈ તેની સાથે લડી પડતી નથી.

કેળવણીના પ્રભાવથી સ્ત્રી જાતિમાં સ્વાભાવિક રીતે સદ્‌ગુણો આવે છે. પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેરાણી હોય, કે જેઠાણી હોય તોપણ પરસ્પર સ્નેહ રાખી સંપસંપીને ચાલે છે. ઘરના સર્વ કામકાજો ભાગે પડતાં સાથે રહીને કરે છે અને અન્યોઅન્ય મદદ કરવા તૈયાર થાય છે. કેળવણી પામેલી શ્રાવકસુંદરી કદિ રૂપગુણથી કે બીજા સદ્ગુણથી પતિની માનીતી થઈ હોય, તથાપિ તે કોઇ જાતનો મદ નહિં લાવતાં સર્વની સાથે માયાળુપણે વર્ત્તે છે. પરસ્પર દ્વેષ ન લાવતાં સર્વના શ્રેયમાં પોતાનું શ્રેય માને છે. બીજાને દીલાસો દઇ હિંમત આપે છે. કદિ પોતે સાધારણ સ્થિતિમાં હોય, તો પણ તેમાં સંતોષ માની પોતાના સદાચારને સાચવવામાં સર્વદા તત્પર રહે છે. બીજાના સુંદર વસ્ત્ર તથા આભૂષણો જોઇ મનને કલેશિત કરતી નથી. તેમ પોતાના પતિને સંતાપતી નથી. પોતાના ગજા સંપન્ન જે મળે તેથી સંતોષ રાખી સદા આનંદમાં રહે છે.

જેનાં હૃદયમાં સ્ત્રી કેળવણીની પવિત્ર પ્રભા પડેલી છે, તે સ્ત્રી સારી રીતે સમજે છે કે, "સ્ત્રીઓનું ખરૂં ભૂષણ શિયલ છે, સુંદર રૂપવતી હોવા છતાં જે સ્ત્રી સદ્ગુણી હોતી નથી, તે પોતાના શ્રાવક સંસારને લજાવે છે. નીતિવંત સ્ત્રી જે પોતાના પતિ સિવાય બીજા સર્વને પોતાના પિતા, બંધુ તથા પુત્ર સમાન સમજે અને બીજી સર્વ સ્ત્રીઓ ઉપર જનની તથા ભગિની સમાન ભાવ રાખે. તેના શીલધર્મના પ્રભાવથી પશુવૃત્તિવાળો એક પણ પુરૂષ તેણીની સમક્ષ અપવિત્ર વિચાર કરવાને શક્તિવાન્ થતો નથી. પોતાનું શીલ સાચવવું, એ પોતાનીજ સત્તામાં છે." આ પ્રમાણે સમજનારી કેળવાએલી રમણી કદિપણ કુશીલપણું સેવવાનો સંકલ્પ પણ કરતી નથી.

જે સ્ત્રીઓ કેળવણી પામેલી છે, તેઓ પોતાના સમયનો સદુપયોગ કરવાને સદા સાવધાન રહે છે. તે ગૃહ કાર્યમાંથી નિવૃત્ત થઇ અવકાશ મળતાં ગુંથવા, ભરવા વગેરેનું કામ કરે છે, સુબોધક પુસ્તકો વાંચે છે, તે આળસુ થઇને પડી રહેતી નથી. સુજ્ઞ વિદુષી બાલા સારીરીતે સમજે છે કે, આળસુ થઇ પ્રમાદમાં પડી રહેવાથી શરીર જડ થઈ જાય છે. ને ખાધેલું અન્ન બરાબર પચતું નથી આથી બળ ઘટે છે અને રોગ થવાનો સંભવ છે. શરીરમાં સ્ફુર્તિ રહેતી નથી. વળી તેવી પ્રમાદી પ્રેમદાના બાલકો પણ અનુકરણ કરનારા હોવાથી તેઓ પણ સુસ્ત થઇ પડી રહે છે અને પરિણામે તેઓની જીંદગી બગડે છે.

બ્હેનો ! જો તમે કેળવણી પામ્યા હશો, તો તમે પોતાના અને પરના ઉપકારી થઇ શકશો. એટલું જ નહિં પણ તમારૂં પ્રવર્ત્તન આ સંસારમાં ઉંચા પ્રકારનું કહેવાશે. કેળવણી પામેલી સ્ત્રી કદિપણ ઉંચે સ્વરે કઠોર તથા અપ્રિય વાકય બોલતી નથી. કોઇની સાથે વાદવિવાદ કરતી નથી. અને કદિ વાદ કરે તો અનર્થરૂપ વચન બોલતી નથી. વળી પોતાના પતિને ઘણું ખર્ચ કરાવનારી તથા તેના ધર્મ, અર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કામ સંપાદન કરવામાં વિરોધી થતી નથી. અને ગફ્લતીપણું અને અવિવેક, ક્રોધી તથા અદેખાઇના વચન, અતિ નિંદિત એવી ચાડી, હિંસા, વિષયમાં મોહ, અજ્ઞાન, પોતાની બડાઇ, સાહસ, ચોરી અને દંભ વિગેરે દુર્ગુણોનો ત્યાગ કરે છે.

જે સ્ત્રી કેળવણીરૂપ કલ્પલતાની શીતલ છાયાને આશ્રિત થઇ હોય, તે કદિપણ કુશીલપણું સેવતી નથી જ્યારે જ્યારે ગાળાગાળી અને મારામારીથી શેરીઓમાં શોરબકોર શરૂ હોય, જ્યારે જ્યારે પાડોશીઓ વચ્ચે એકબીજાની કીર્તિને કલંક લાગે તેવા વચનોના ઉદ્ગારો નીકળતા હોય, ત્યારે ત્યારે કેળવાએલી સદ્ગુણી સ્ત્રીને તેનો કરૂણાયુક્ત નમ્ર સ્વભાવ તેણીના મુખને દાબમાં રાખી અટકાવે છે અને તેથી તે પોતાની શાંત મુખમુદ્રાપર શાંતિની પ્રભા પ્રસરાવી બેસી રહે છે.

આ ગૃહ એક રાજ્યરૂપ છે અને પતિ તેનો સત્તાધારી રાજારૂપ છે તે પતિરૂપ રાજાના હાથ નીચે મુખ્ય કારભારીનું જોખમભર્યું કામ સ્ત્રીને બજાવવાનું છે. જો ગૃહિણી સ્ત્રીએ ઉત્તમ પ્રકારની કેળવણી લીધી હોય તો તે પોતાના ગૃહ-રાજ્યનો કારભાર સારી રીતે કરી શકે છે, તેનાથી આખા ગૃહમાં સુલેહ અને સંપ સારી રીતે સચવાઇ શકે છે. કેળવાએલ કાંતારૂપી કારભારી પતિની આજ્ઞાને અનુસરી વિચારપૂર્વક સર્વ આજ્ઞાઓ જાહેર કરે છે અને તેની કુટુંબરૂપ પ્રજા આ સર્વ આજ્ઞાઓનો ત્વરાથી અમલ કરે છે.

કેળવણી પામેલી સ્ત્રી પ્રાત:કાલે પ્રથમ જાગ્રત થાય છે અને દિવસે પોતાને શું શું કરવાનું છે તેનો વિચાર કરે છે. કયા કયા કામ કેવી રીતે અને કોની કોની પાસે કરાવવા તેની સર્વ ગોઠવણુ તે કરી રાખે છે. પોતાના આત્મકલ્યાણ માટે દેવ ગુરૂ ભક્તિ, સામાયિક, તપ, જપ વગેરે યથાશક્તિ નિયમિત કરે છે. તે આનંદી અબળા પોતાના ગૃહરાજ્યની પુરતી સંભાળ રાખવામાં જ આનંદ માને છે. આવી વિદુષી વનિતાઓની દેખરેખ નીચેના ગૃહવાસ કરકસર મિશ્રિત અને સુઘડતા તથા સ્વચ્છતાથી શણગારેલા દૃષ્ટિગોચર થાય છે. પત્નીનું ગૃહ–વ્યવસ્થાનું ડાહપણુ એ પતિ ઉંચામાં ઉંચું માને છે અને તેવી પત્નીની પ્રશંસા શ્રવણ કરવાથી પતિને હૃદયમાં જે છુપો આનંદ થાય છે, તે અવર્ણનીય છે. આવી કેળવાએલી માતાઓ પોતાના સંતાનના મનમાં ડાહાપણુના બીજની રોપણી કરી તેપર નીતિના નિર્મલ જલનું સિંચન કરે છે અને પોતાના સદ્ગુણી સદાચ-રણથી તેઓની ભવિષ્યની વર્ત્તણુક સુધારવા તત્પર રહે છે. અને પોતાનું અનુક-રણ કરવાને તેમને લલચાવે છે. આવી કેળવાએલી સ્ત્રીઓના મુખોદ્ગારજ યુવા-નોને અભ્યાસ કરવાના કાયદા છે. તેવી પ્રબુદ્ધ બાલાઓ સંપત્તિને સમયે ફુલાઇ જતી નથી, પરંતુ વિપત્તિને વખતે ગૃહપતિના હૃદયમાં ઉંડા ઉતરી ગયેલા ચિંતા, ખેદ તથા શોકરૂપી જખમોને ધીરજ તથા હિંમત અને દિલાસો આપવારૂપ ઉત્તમ ઔષધોથી રૂઝાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધો પ્રભાવ સ્ત્રી કેળવણીનો છે. સ્ત્રીકેળવણીરૂપ કલ્પલતાના મધુર ફલનો સ્વાદ લેનારી લલનાઓ પોતાના શ્રાવક સંસારને સારીરીતે દીપાવી આ લોક તથા પરલોકના સર્વ કાર્યો સિદ્ધ કરી શકે છે. એવી પવિત્ર પ્રમદા પોતાના પવિત્ર વ્યાપારથી સર્વ પ્રકારની મુશ્કેલીઓમાં પણ મધુરતાને મિશ્ર કરી આ દુઃખરૂપ સંસારને સુખરૂપ બનાવી શકે છે. ( **આત્મવલ્લભ.** )

## વર્તમાન સમાચાર.

અત્રે પવિત્ર પર્યુષણ પર્વ નિર્વિઘ્ને શાંતિપૂર્વક પસાર થયા છે. આ વખતે તપશ્ચર્યા પણ વિશેષ પ્રમાણમાં થયેલ છે. સ્વામીવાત્સલ્ય પણ બે થયા છે. દેવદ્રવ્યની વૃદ્ધિ પણ સારી થયેલ છે. શાસન પ્રભાવના અને દેવદ્રવ્યની વૃદ્ધિમાં વિશેષતા એ હતી કે અત્રેના મોટા જીનાલયમાં મૂળ નાયક શ્રીઆદિનાથ પ્રભુ માટે શ્રીસંઘે રૂપીયા બત્રીશ હજારને ખર્ચે હીરાનો મુગટ તૈયાર કરાવ્યો, તે રૂા. ૧૦૦૧) માં વોરા સાકરચંદ ખુશાલના નામથી બંધુ જુઠાભાઇ વોરાએ આદેશ લઇ પર્યુષણના પ્રથમ દિવસે પ્રભુજીના મસ્તકે ચડાવ્યો હતો અને તેજ દિવસથી શત્રુંજયની રચનાવાળા મંડપમાં અઠ્ઠાઇ મહોત્સવ પણ બંધુ શ્રી જુઠાભાઇ તરફથી શરૂ કરવામાં આવ્યો હતો. દરરોજ પૂજા ભણાવવા સાથે આંગી રોશની વગેરે વિવિધ રીતે થતાં હતાં. સાતક્ષેત્ર પૈકી આ ક્ષેત્રમાં તો વૃદ્ધિમાં વૃદ્ધિ ભલે થાય ! અને થયા કરે છે પરંતુ શ્રાવકક્ષેત્રની ઉન્નતિ માટે એટલે અત્રેના જૈનસમુદાયના બાળક બાળકીઓની કેળવણીની વૃદ્ધિ અને ઉત્તેજન અર્થે-કેળવણી માટે એક સારૂં ફંડ થવા કરવાની આવશ્યકતા જરૂરીયાતને જાણવા વિચારવા તથા તે માટે વારંવાર ઉહાપોહ થવા છતાં માત્ર તે વાત કથનીમાં જ રહે છે. અત્રેનો જૈન સમુદાયે જેમ સ્વામીવાત્સલ્ય અને વૃદ્ધમાન તપ માટે પચાસ પચાસ હજાર રૂપૈયા જેટલી રકમ એકઠી કરી તે બંને ખાતાને પગભર કરી શકેલ છે તેમ કેળવણી ફંડની આવશ્યકતા જરૂરીયાત જાણવા છતાં પ્રભુભક્તિ અને દેવદ્રવ્ય વૃદ્ધિ ઉપર પ્રેમ ધરાવનાર બંધુઓને તેની જેમ જ્યારે કેળવણી ઉપર ( બોલવા પુરતો નહિં પરંતુ ) ખરેખર પ્રેમ થશે ત્યારે અમો માનીયે છીયે કે આ શહેરમાં તે માટે એક સારૂં ફંડ થયા વગર રહેશે જ નહિં અત્યારે માત્ર કથનીમાં જે હકીકત છે તે રહેણીમાં જલદી આવે તેમ હાલતો ઇચ્છીયે છીયે.

—卐—

## ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર.

**શ્રી જૈન શ્વેતામ્બર તીર્થ કમીટી હસ્તીનાપુર વાર્ષિક રીપોર્ટ વીર સંવત ૨૪૫૩**—હસ્તિનાપુર એ એક ઐતિહાસિક શહેર છે કે જ્યાં શ્રી શાંતિનાથ મહારાજ શ્રી કુંથુનાથસ્વામી તથા અરનાથ પ્રભુના ચાર ચાર કલ્યાણકો થયા છે. આ તીર્થનો કઇવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીર્ણોદ્ધાર થયો છે. તેની સંભાળ, વ્યવસ્થા માટે એક કમીટી મુકરર કરવામાં આવેલ છે. કમીટીમાં ૧૫૮ સભ્યો છે. તીર્થની વ્યવસ્થા સાથે જ્ઞાન ખાતું, જીવદયા ખાતું, ભોજન ખાતું અથવા આશ્રમ, પુસ્તકાલય વગેરે વહીવટ હોવાથી સમગ્ર રીતે તે સુવ્યવસ્થિત ચાલે છે, હિસાબ વિગેરે ચોકખવટવાળા છે. મંત્રી અને વ્યવસ્થાપક કમીટીના સભ્યો લાગણીપૂર્વક કાર્ય કરતા હોવાથી ધન્યવાદને પાત્ર છે અમો આ ખાતાનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

**લેડી વીલીંગડન અશક્તાશ્રમ અને દવાખાના સુરતનો સને ૧૯૨૭ નો રીપોર્ટ** નાતજાતનો ભેદ રાખ્યા વગર અશક્ત મનુષ્યની સેવા તેની મેનેજીંગ કમીટી સારી રીતે કરે છે તે આ રીપોર્ટ ઉપરથી જણાય છે. હૃદયમાં મનુષ્ય માત્ર ઉપર કરૂણા હોય તોજ આવી સેવા બને છે. જેને લઇને આ વર્ષમાં ૮૦ મનુષ્યો લાભ લઇ રહ્યા છે. સંસ્થાને સરકારમાં ધારા પ્રમાણે રજીષ્ટર કરાવેલ છે. આશ્રમમાં રહેલાં અશકત મનુષ્યોને ખાનપાન કપડા સાથે હુન્નર ઉદ્યોગ તેમજ અંધ મનુષ્યને પણ સાથે શિક્ષણ આપવાનો ક્રમ રાખેલ છે તે જોઇ ખુશી થવા જેવું છે. સાથે મફત ઔષધાલય ચલાવવામાં આવે છે જે સાર્વજનિક હોઇ અનેક મનુષ્યો લાભ લે છે. આ સંસ્થાને માટે તેમજ દવાખાના માટે સારા મકાનની જરૂર છે જેને માટે અમો દર વર્ષ જનસમાજને નમ્ર સૂચના કરીએ છીએ. આ ખાતાના ઉત્સાહી કાર્યકર્તા શેઠ દલીચંદ વીરચંદ તે માટે ધન્યવાદને પાત્ર છે. આવા વ્યવસ્થિત અને કરૂણામય લાગણીથી ચાલતા આ ખાતાને મદદ માટે યાચના કરવાની હોયજ નહિ. હિસાબ તથા વ્યવસ્થા સુંદર અને યોગ્ય છે અમો તેની આબાદી ઇચ્છીએ છીએ.

**શ્રી ભાવનગર જૈન વિદ્યાર્થી કેળવણી ફંડનો રીપોર્ટ સં. ૧૯૮૩ પ્રકટકર્ત્તા શ્રી જૈન યુવક મંડલ–ભાવનગર**—આ વર્ષમાં જુદી જુદી રીતે રૂા. ૧૧૦૦) લગભગ કેળવણીના ઉત્તેજન અર્થે વ્યય કરવામાં આવેલા છે. જૈન કોમને આજે કેળવણીના ઉત્તેજનાર્થે આર્થીક ખર્ચ કરવાની મુખ્ય જરૂરીઆત છે. દરેક ગામોમાં આવા પ્રયત્નો થવા જરૂર છે.

**સ્યાદ્વાદરત્નાકર ભાગ ૪ થો. પ્રકટકર્ત્તા શ્રી પુના આર્હતમત પ્રભાકર કાર્યાલય તરફથી શ્રીયુત શેઠ મોતીલાલ લાધાજી**—કિંમત બે રૂપીયા. આ ભાગમાં પાંચમો પરિચ્છેદ સંપૂર્ણ થયેલ છે. આ સંસ્થા તરફથી જૈન સાહિત્ય તત્ત્વજ્ઞાન, ન્યાય વગેરેના ગ્રંથો ક્રમસર પ્રકટ કરવામાં આવે છે. પ્રસિદ્ધ થતાં દરેક ગ્રંથોમાં શુદ્ધ કરવા માટે સારો પ્રયત્ન કરવામાં આવે છે. જેથી સાહિત્યની તે અભિવૃદ્ધિ માટે આવકારદાયક છે. સારા કાગળો ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાતાં હોવાથી રમણીય લાગે છે. તેવા ઉત્તમ પ્રયાસ માટે શ્રીયુત મોતીલાલ શેઠને ધન્યવાદ ઘટે છે. અમારે એક નમ્ર સુચના કરવાની છે તે એકે પ્રકટ થતાં દરેક ગ્રંથની માત્ર પ્રસ્તાવના સંસ્કૃતને બદલે જો ગુજરાતી ભાષામાં પ્રકટ થાય તો તે સામાન્ય રીતે વિશેષ ઉપયોગી થવા સંભવ છે. શેઠશ્રી મોતીલાલ લાધાજી આ વસ્તુપર લક્ષ આપશે એવી આશા રાખીએ.

**જૈન વસ્તીની વર્તમાન સ્થિતિ**—પ્રકટકર્ત્તા સુઘોષા પત્રના શ્રીયુત તંત્રી **ઝવેરી મુળચંદભાઇ આશારામ વૈરાટી**—અમદાવાદ. જૈન સાહિત્યના અનેક પુસ્તકો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકટ થાય છે, પરંતુ જૈનોની વર્તમાન દશા માટે આ ગ્રંથ આંખ ઉઘાડનાર ચેતવણી આપનાર આ વસ્તુ સમયોચિત આવકારદાયક લેખાય. જૈન સમાજની વર્તમાન સ્થિતિ માટે જૈન સમાજમાંથી બહુજ ઓછી વ્યકિતઓ વિચાર કરતી હશે, અને તેવી ધગશ કે લાગણી હોય તેજ તેના માટે વિચાર કરી શકે. હાલ જ્યારે બીજી કોમો આગળ જતી જાય છે–પ્રગતીમાન થતી જાય છે ત્યારે જૈન કોમના આંતર કલેશને લઇને પોતાની શું સ્થિતિ વર્તમાન વર્તે છે તેનો વિચાર પણ કરવાનો અવકાશ નથી, તેવા સંયોગમાં આ બુક ખાસ વાંચી વિચારી મનન કરવા યોગ્ય અને તેમાં બતાવેલાં ઉદયના સાધનો બની શકે તેટલા ગ્રહણ કરવા જેવા છે. પ્રથમ ટાઇટલ ઉપર સમાજ દર્શનના હેડીંગ નીચે સને ૧૯૮૧ ના વસ્તીપત્રક ઉપરથી જૈન વસ્તી ૧૧૭૮૫૯૬ ( ત્રણે ફીરકાની ) છે તે જણાવ્યું છે અને સાથે બાળ અને બાળકીઓ કેટલા અભ્યાસ કરે છે અને કેટલી વંચીત રહે છે તે છે. એકહજાર કન્યાઓમાંથી માત્ર ૧૦૦ શિક્ષણ લેનાર અને એકહજાર છોકરાઓમાંથી ૩૪૧ શિક્ષણ લેનાર. આ આંકડાઓ કેળવણીની સ્થિતિ માટે શોચનીય ગણી શકાય. આ ગ્રંથની પ્રસ્તાવનામાં પ્રકટકર્ત્તા મહાશયે કરાવેલ દીગ્દર્શન પણ વાંચવા જેવું છે. આ પુસ્તકમાં આવેલ ઉપરોકત વિષયનો નિબંધ લખનાર દોશી ફૂલચંદ હરિચંદ છે. પ્રથમ પ્રાચીન સમાજ સ્થિતિ, જ્ઞાતિઓની ઉત્પત્તિ અને લયની સાથે વર્તમાન સ્થિતિમાં વસ્તીના પ્રમાણનાં આંકડા કેળવણી, વ્યાપારીક સ્થિતિ, શહેરી અને ગ્રામ્યજીવન, મરણ પ્રમાણ અને તેને ઘટાડવાના ઉપાયો, સમાજની સાંસારિક સ્થિતિ, સાલવાર સાધુસાધ્વી મહારાજના વિહારના સ્થળો, તે તમામ સાત પ્રકરણોમાં આંકડાઓ સાથે સ્ફૂટ રીતે આપી સમાજ સ્થિતિનું દિગ્દર્શન કરાવ્યું છે અને છેવટે પ્રવાસી જૈનો સંબંધી ખ્યાલ, આદર્શ ઉપદેશકોની આવશ્યકતા, દાનઝરણા વગેરે પ્રકરણમાં સામાન્ય રીતે તેના ઉપાયો બતાવ્યા છે. આવા વિષયો લખવા તે માટે વર્તમાન સ્થિતિનો અભ્યાસ અને તેને લગતા સાહિત્યનું વાંચન જોઇએ. આ લઘુ ગ્રંથ વાંચતા લેખકે બંને વસ્તુનો ઉપયોગ કર્યો હોય તેમ જણાય છે. એકંદર રીતે જૈન સમાજની વર્તમાન સ્થિતિ માટે જેને પરવા–દાઝ હોય તેમણે આ ગ્રંથ મનનપૂર્વક વાંચવાની જરૂર છે. જૈન સમાજે બીજી કોમ સાથે ઉભા રહેવું કે જીવવું હોય તો વર્તમાન સ્થિતિનો અભ્યાસ કરી તેની જે જે શોચનીય સ્થિતિ હોય તેને ( આંતર કલેશને તિલાંજલી આપી દૂર કરવા કટિબદ્ધ થવા જરૂર છે. જરૂર હોય તે સમયે તેવી વસ્તુ પ્રકટ કરવા માટે આ ગ્રંથના પ્રકાશક શ્રીયુત ઝવેરી મૂળચંદભાઇ આશારામને અમો ધન્યવાદ આપીયે છીયે અને આ ગ્રંથનો બહોળો પ્રચાર કરવા નમ્ર સુચના કરીયે છીએ.

**જામનગર સાહિત્ય સભાનો પ્રથમ વર્ષનો હેવાલ**—(તા. ૧–૭–૨૭ થી તા. ૩૦–૬–૨૮ ) પ્રકાશક સાહિત્ય સભા–જામનગર–જુદા જુદા વિદ્વાન વક્તાઓના નિબંધો, વિચારો શ્રવણ કરવા, બહારના વિદ્વાન વક્તાઓ આવે તેને સાંભળવા વગેરે ઉદ્દેશ માટે આ સંસ્થાસ્થાપન થયેલ છે, તેની આ શરૂઆત છે. આવી સભાઓની દરેક મોટા શહેરમાં જરૂર છે. આ સંસ્થાના સેક્રેટરી ગુલાબચંદ મૂળચંદ બાવીશીની ખંત અને ઉત્સાહને તે આભારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અમીબિન્દુ ભાગ ૧ લો.**—સંગ્રાહક તથા પ્રકાશક વેલજી દેવરાજ શાહ. કિંમત સાડા છ આના મળવાનું ઠેકાણું મેનેજર કે–એન. સેલર પ્રેસ ૩ ચોપાટી રોડ મુંબઇ નાં. ૭ જૈન અને જૈનેતર કવિઓની કૃતિનો સુબોધક સંગ્રહ આ લઘુ ગ્રંથમાં આવેલો છે, અને છેવટે રાષ્ટ્ર સંબંધી ગીતો પણ આપેલા છે. જેથી આ પસંદગી સામાજિક હોઇ ગમે તે ધર્મ પાળનાર તેનો પોતાની ઇચ્છામુજબ ઉપયોગ કરી શકે. પદોની પસંદગી વાસ્તવિક હોઇ સર્વ કોઇએ લાભ લેવા જેવું છે.

**શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ સુરત**—નવમા વર્ષનો રિપોર્ટ. નવવર્ષ ઉપર મુનિરાજશ્રી માણેકમુનિજીના સદુપદેશથી સ્થાપન થયેલ આ સંસ્થા દિવસાનુદિવસ પ્રગતિમાન થતી જાય છે. આ વર્ષમાં ૩૧ વિદ્યાર્થીઓએ આ સંસ્થામાં લાભ લીધેલો જણાય છે. સ્કુલ શિક્ષણ માટેના જરૂરીયાતવાળા તમામ સાધનો ( ખાવા પીવા સુવા ફ્રી પુસ્તકો કપડાં વગેરે ) અને સાથે શારીરિક વિકાસ માટે વ્યાયામ, સાથે ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે. રીપોર્ટ વાંચતાં વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ, વ્યવસ્થાપક સભાની ખંત અને લાગણીને લઇને આશ્રમની સુવ્યવસ્થા યોગ્ય જણાય છે. આવા આશ્રમોમાં જેમ બને તેમ આંતર વ્યવસ્થા ઉપર સચોટ લક્ષ આપવાની જરૂર હોય તે માટે સંસ્થાના સંચાલકોને તેની કાર્યવાહી માટે ધન્યવાદ આપી નમ્ર સૂચના કરવામાં આવે છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

**પ્રભુને પંથે જ્ઞાનનો પ્રકાશ**—વ્યાખ્યાનકાર અને લેખક તરીકે પ્રસિદ્ધ થયેલ **આચાર્યશ્રી વિજયકેસરસૂરિજી મહારાજ** આ ગ્રંથના લેખક અને સંગ્રાહક છે. આ ગ્રંથમાં આવેલા વિવિધવિષયો અજ્ઞાનરૂપી અંધકારથી છવાયેલ આત્માને પ્રકાશ આપનાર છે. આ ગ્રંથમાં ઉક્ત મહાત્માના અનુભવના વિચારો જેમ છે તેમ બીજા ગ્રંથકર્ત્તાના વિચારોનો સંગ્રહ તેમાં છે. પ્રેમ, આત્માનો પુરૂષાર્થ, જીવનની પવિત્રતા, માયાનો ત્યાગ, આધ્યાત્મિક જીવન, આત્માનું જ્ઞાન વગેરે વિષયો વાચતાં વાચક પોતપોતાની બુદ્ધિ અને લાયકાત પ્રમાણે તે ગ્રહણ કરી શકે છે. આ લઘુ ગ્રંથ હોવા છતાં પઠનપાઠન કરવા જેવો છે. લેખક મહાત્માએ જનસમાજ ઉપર આ પ્રયત્ન કરી ઉપકાર કર્યો છે. ગ્રંથની શરૂઆતમાં જે બ્હેનનું જીવન વૃત્તાંત આપ્યું છે તેમને યોગધ્યાનથી શું શું લાભો થયા છે તેમજ તેમનું જીવન કેવું ચમત્કારિક અને અનુકરણીય છે તે મનન કરવા જેવું છે. **પ્રકાશક શ્રી વિજયકમળકેસર ગ્રંથમાળા તરફથી તલાટી ભીખાભાઈ મગનલાલ દેહગામ ( ગુજરાત ) કિંમત પાંચ આના.**

**શ્રી જીવભેદ નિરૂપણ**—સંયોજક અને સંશોધન વ્યાખ્યાનવાચસ્પતિ મુનિરાજ **શ્રી યતિન્દ્રવિજયજી મહારાજ.** ચારગતિના જીવોના ભેદો, અને તેના પાંચદ્વારો, બે પ્રકારના આયુષ્ય વગેરે હકીકત જુદા જુદા ૧૪ પાઠોમાં આપી સામાન્ય શિક્ષણની પદ્ધતિએ આ બુક તૈયાર કરી છે. છેવટે લાંબી જીંદગી ભોગવનારાઓ હાલના સમયના પાશ્ચમાત્ય દેશોના મનુષ્યોના નામ અને આયુષ્યનો આંક આપી આ લઘુગ્રંથ પૂર્ણ કરેલ છે. ભેદો વગેરેનું સ્વરૂપ સરલરીતે આપેલ છે.—પ્રકાશક **શ્રી રાજેન્દ્ર જૈન સેવા સમાજ મુ. થરાદ ( ગુજરાત. )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ ભાવસાર ગોવીંદલાલ ગાંડાલાલ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨ શા ગંભીરદાસ ઓઘડભાઇ | ,, | ,, |
| ૩ શાહ છગનલાલ ગોકળદાસ દલાલ | ,, | ,, |
| ૪ શાહ શાંતિલાલ અમરચંદ | ,, | ,, |

# અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

## નીચેના ગ્રંથો છપાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,, ૫ શ્રી મહાવીર ચરિત્ર ,,
૩ विलासवईकहा अपभ्रंश छाया साथे. ६ श्री वसुदेव हिंडि प्राकृत.

ઉપરના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસિક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. નંબર ૧-૫ ના ગ્રંથોમાં સહાયની આવશ્યકતા છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

## ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

# જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રીકાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે. તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર વગેરે છે. કાવ્યોનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમાં સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઇ તેમાંથી અદ્‌ભુત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિવિધ રસોના અસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં આપી આ ઐતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨-૧૨-૦ પોષ્ટેજ જુદું. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાર્થના.

" પ્રાર્થનાનું રહસ્ય એ છે કે આપણી ધ્યેય સાધના પુરા દિલથી આપણે કરતા રહીએ, પણ તે એવી રીતે કે આપણા પ્રયત્નોની ધર્મમયતાથી અને આપણા આશયોની પવિત્રતાથી અને આપણી અંદર અંદર તેમજ જેઓ આપણા માર્ગમાં આવતા હોય અથવા તો આપણી પ્રવૃત્તિઓના પ્રતિરોધી હોય તેઓ પ્રત્યે સમતા, પ્રેમ અને સહિષ્ણુતા દાખવતા રહેવાના આપણા નિરંતર પ્રયાસોથી આપણે આપણા કાર્યમાં માલીક આપી શકે તેટલું બળ, કલ્યાણ તેમજ પ્રસાદ મેળવવા ભાગ્યશાળી થઇએ. આ પ્રસંગ પ્રાર્થનાનો છે. દુનિયાની વર્તમાન પરિસ્થિતિમાં તેમજ અત્યારના લોકોની જડતામય જીવનદશામાં કોઇકોઇ વ્યક્તિઓના અપવાદ સિવાય પ્રાર્થનાઓ અર્થવિનાની, ભાવવિનાની માત્ર દેખાવ માટે કરવામાં આવતી ક્રિયાઓ બની રહેલ છે. અથવા તો પૂર્વકાળના ધાર્મિક જીવનનો નિર્જીવ અવશેષ થઇ રહેલ છે. પણ ભારતનું સ્વરાજ્ય અને પ્રાર્થના તો એક એકને ગાઢ રીતે સંકલિત છે. આપણે અન્ય કોઇ શક્તિની અપેક્ષા સિવાય માત્ર આપણા જ પ્રયત્નોથી સ્વરાજ્ય મેળવવાની ભાવના નથી ધરાવતા, પણ આપણાથી બની શકે ત્યાંસુધી ઇશ્વરેચ્છાને સફળ કરવામાં જ આપણી સર્વ શાકતઓ અને પ્રયત્નો એકત્રિત કરવા માગીએ છીએ. આપણી દ્રઢ શ્રદ્ધા છે કે આ જગતની પ્રગતિ સાધનામાં હિંદુસ્તાનને બહુ ઉપયોગી ભાગ ભજવવાનો છે. અને તે હવે શરૂ થવાનો સમય આવી પહોંચ્યો છે અને તે લોકોત્તર ધ્યેયની આપણી સાધનામાં આપણને ખાતરી છે કે, ઇશ્વર આપણા પક્ષમાં જ છે. તેથી દિવસ અને રાત આપણા સર્વ વિચારોમાં અને પ્રવૃત્તિઓમાં નિરંતર એક જ પ્રાર્થના હોવી જોઇએ કે આપણાં વર્તનમાં કે મિત્રો તેમજ શત્રુઓ પ્રત્યેની આપણી લાગણીઓમાં એવું કાંઇપણ ન હોય કે જેથી ઇશ્વર અપ્રસન્ન બને કે તેની ઇચ્છાની પરિપૂર્તિને જરાપણ અડચણ આવે ! તે ઇશ્વરપ્રેરિત દિવ્ય આહ્વાનથી ભારતવર્ષની પ્રજા સત્વર જાગૃત થાય અને સચેત બને અને આપણે સ્વરાજ્યવાદીઓ આજ જે જાતની એકતા હિંદમાં માગીએ છીએ અને જે જાતની લોકજાગૃતિની આપણે ઝંખના કરીએ છીએ તે એકતા અને લોકજાગૃતિ પણ એવી હોય કે જેથી આપણા આધ્યાત્મિક પ્રયત્નો અને પ્રયાસોવડે આપણે તો સ્વાશ્રયી થઇએ એટલુંજ નહિં પણ જેથી સર્વજનનાને પણ સુખ અને શ્રેય સાંપડે અને અનેક તરેહના વિપ્લવોથી ક્ષુબ્ધ બનેલી દુનિયાને પણ નિરંતર હિતકારક બોધિસંપદ્ પ્રાપ્ત થાય. "

"શારદા" માસિકમાંથી

For Private And Personal Use Only